dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year - 09 | Issue- 77 | AD - 2025, Magshar Vad - ((0 | Saturday, Dt.20-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**૧૮મી લોકસભાનું છઠ્ઠું સત્ર સમાપ્ત : સત્ર દરમિયાન ૧૫ બેઠક યોજાઈ, કુલ બેઠક સમયગાળો ૯૨ કલાક અને ૨૫ મિનિટનો રહ્યો**

# લોકસભાના શિયાળુ સત્ર દરમિયાન ૧૦માંથી ૮ બિલ પસાર

નવીદિલ્હી,તા.૧૯

૧૮મી લોકસભાનું છઠ્ઠું સત્ર ૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ શરૂ થયું હતું અને તા.૧૯ ના રોજ પૂર્ણ થયું. છઠ્ઠા સત્રના સમાપન પર વિદાય ભાષણ આપતા, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે સત્ર દરમિયાન ૧૫ બેઠક યોજાઈ હતી. સત્રનો કુલ બેઠક સમયગાળો ૯૨ કલાક અને ૨૫ મિનિટનો હતો. સત્ર દરમિયાન ગૃહની ઉત્પાદકતા ૧૧૧ ટકા હતી. સત્ર દરમિયાન દસ સરકારી બિલ રજૂ કરવામાં આવ્યા હતા અને આઠ બિલ પસાર થયા હતા. મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (બીજો સુધારો) બિલ, ૨૦૨૫; સેન્ટ્રલ એક્સાઈઝ (સુધારો) બિલ, ૨૦૨૫; હેલ્થ સિક્યુરિટી બિલ, ૨૦૨૫ માંથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર; વિનિયોગ (નં. ૪) બિલ, ૨૦૨૫; ૨૬ અને સુધારો બિલ, ૨૦૨૫; બધા માટે વીમો, બધા માટે રક્ષણ (વીમા કાયદાઓમાં સુધારો) બિલ, ૨૦૨૫; પરિવર્તનશીલ ભારત માટે પરમાણુ ઊર્જાનો ટકાઉ ઉપયોગ અને વૃદ્ધિ બિલ, ૨૦૨૫ ૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, વડાપ્રધાને રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે ચર્ચા શરૂ કરી. ગૃહમાં ૧૧ કલાક અને ૩૨ મિનિટ સુધી આ મુદ્દા પર ચર્ચા થઈ, જેમાં ૬૫ સભ્યોએ ભાગ લીધો. તેવી જ રીતે, ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ, "ચૂંટણી સુધારા" ના મુદ્દા પર લગભગ ૧૩ કલાક સુધી ચર્ચા થઈ, જેમાં ૬૩ સભ્યોએ ભાગ લીધો. સત્ર



દરમિયાન, ૩૦૦ તારાંકિત પ્રશ્નો સ્વીકારવામાં આવ્યા અને ૭૨ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા. શૂન્યકાળ દરમિયાન સભ્યો દ્વારા જાહેર મહત્વના કુલ ૪૦૮ તાત્કાલિક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, અને નિયમ ૩૭૭ હેઠળ કુલ ૩૭૨ મુદ્દાઓ પર વિચારણા કરવામાં આવી હતી. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, ગૃહમાં શૂન્યકાળ દરમિયાન ૧૫૦ સભ્યોએ મુદ્દાઓ ઉઠાવ્યા હતા. સત્ર દરમિયાન, દિશા નિર્દેશ ૭૩એ હેઠળ ૩૫ નિવેદનો અને નિયમ ૩૭૨ હેઠળ બે નિવેદનો આપવામાં આવ્યા હતા, અને સંસદીય બાબતોના મંત્રી દ્વારા એક નિવેદન આપવામાં આવ્યું હતું. આમ, સત્રમાં કુલ ૩૮ નિવેદનો આપવામાં આવ્યા હતા. સત્ર દરમિયાન કુલ ૨,૧૧૬ પેપર્સ ગૃહના ટેબલ પર મૂકવામાં આવ્યા હતા. ગૃહમાં વિવિધ વિભાગીય રીતે સંબંધિત સંસદીય સ્થાયી સમિતિઓના કુલ ૪૧ અહેવાલો રજૂ કરવામાં આવ્યા હતા. ખાનગી સભ્યોના બિલો અંગે, આ સત્ર દરમિયાન, ૫ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ વિવિધ વિષયો પર ૧૩૭ ખાનગી સભ્યોના બિલ રજૂ કરવામાં આવ્યા હતા. ૧૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ, શફી પરમ્બિલ દ્વારા રજૂ કરાયેલ ખાનગી સભ્યોના ઠરાવને ગૃહની પરવાનગીથી ચર્ચા પછી પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. જ્યોર્જિયાની સંસદના અધ્યક્ષ મહામહિમ શાલ્વા પાપુઆશવિલી અને તેમના સંસદીય પ્રતિનિધિમંડળનું ૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન ભારતીય સંસદ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંસદનું શિયાળુ સત્ર આજે સમાપ્ત થયું. વિપક્ષના હોબાળાને કારણે લોકસભામાં અંતિમ કાર્યકારી દિવસે કોઈ કાયદાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું ન હતું, અને સ્પીકર ઓમ બિરલાએ કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવાની જાહેરાત કરી હતી.






## દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ગાઢ ધુમ્મસ, યુપીમાં સ્કૂલો બંધ

લખનૌ, તા.૧૯

દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. હવામાન વિભાગે પાંચેય રાજ્યો માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. યુપી અને બિહારમાં રાજ્ય સરકારે લોકોને બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવાની અપીલ કરી છે. યુપીના બરેલી, લખનઉ, અયોધ્યા, ગોંડા સહિત ૨૦ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છે. બરેલી, કાનપુર, આગ્રા, કાસગંજ, ઔરૈયા અને જૌનપુરમાં ૨૦ ડિસેમ્બર સુધી સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. લખનૌ સહિત ૧૦ જિલ્લાઓમાં સ્કૂલોનો સમય સવારે ૯ વાગ્યાથી કરવામાં આવ્યો છે. રાજ્યમાં આગામી ત્રણ દિવસ ભયંકર ઠંડીનું એલર્ટ છે. બિહારના નાલંદા, ગોપાલગંજ, છપરા સહિત ૧૯ જિલ્લાઓમાં ધુમ્મસની અસર જોવા મળી. સારણમાં આજે તમામ સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. પટનામાં ૨૫ ડિસેમ્બર સુધી સ્કૂલોનો સમય સવારે ૯ વાગ્યાથી સાંજે ૪:૩૦ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. પટનામાં ધુમ્મસના કારણે ૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. રાજ્યભરમાં ૧૪ ટ્રેનો પણ મોડી પડી. ગોપાલગંજમાં ધુમ્મસના કારણે ૨ બસ અને એક ટ્રક વચ્ચે ટક્કર થઈ, જેમાં એકનું મોત થયું અને ઘણા ઘાયલ થયા. છપરામાં બસે ૩ કારને ટક્કર મારી. ગયાજીમાં ગાઢ ધુમ્મસના કારણે ડેપ્યુટી CM સમ્રાટ ચૌધરીનું હેલિકોપ્ટર ઉડી શક્યું નહીં.









## ગેરકાયદેસર રીતે વિદેશ મોકલનારી ગેંગ વિરુદ્ધ ઈડીની મોટી કાર્યવાહી

ન્યુ દિલ્હી,તા.૧૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ દિલ્હીમાં દરોડો પાડીને ગેરકાયદેસર રીતે વિદેશ મોકલનારી ગેંગ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. પંજાબના જલંધર ઝોનલ ઓફિસની ટીમે મની લોન્ડરીંગ કાર્યવાહી હેઠળ ગઈકાલે હરિયાણા અને દિલ્હીમાં એક સાથે રહેણાંક સહિત ૧૩ સ્થળે દરોડા પાડ્યા હતા. અમેરિકા દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૫માં ૩૩૦ ભારતીયોનો દેશનિકાલ કરાયો હતો, ત્યારે આમાંથી કેટલાક ભારતીયોને મોકલવા પાછળ આ ગેંગનો હાથ હોવાનું સામે આવ્યા છે. ઈડીએ દિલ્હી સ્થિત એક ટ્રાવેલ એજન્ટને ત્યાં દરોડો પાડ્યો હતો, જેમાં મસમોટી રોકડ રકમનો અને મોંઘી ચીજવસ્તુઓ મળી આવી છે. ઈડીએ રોકડા ૪.૬૨ કરોડ રૂપિયા, ૩૧૩ કિલો ચાંદી અને છ કિલો સોનાના બિસ્કીટ જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલી તમામ વસ્તુઓની કુલ અંદાજીત કિંમત ૧૯.૧૩ કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત ટીમને ચેટ અને ડિજિટલ પુરાવા પણ હાથ લાગ્યા છે, જેમાં ડંકી રૂટ દ્વારા મોકલાયેલા લોકોની ટિકિટ, રૂટ અને નાણાંની ડીલ પર થયેલી વાતચીત સામેલ છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૦-૧૨-૨૦૨૫

# વડીયાની સરકારી કોલેજ અધ્યાપકવિહોણી બનતા વિદ્યાર્થીઓના સુત્રોચ્ચાર

વડીયા,તા.૧૯

વડીયા ખાતે ઘણા વર્ષોની માંગ અને તપસ્યા બાદ વર્તમાન સરકાર દ્વારા સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજને મંજૂરી આપવામાં આવી હતી. હાલમાં આ કોલેજ ગ્રામપંચાયત સંચાલિત સુરગવાળા હાઈસ્કૂલના બિલ્ડિંગમાં કાર્યરત છે. જૂન ૨૦૨૫થી શરૂ થયેલા શૈક્ષણિક સત્રમાં આ વિસ્તારના સો કરતાં વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી પોતાના ઉચ્ચ



અભ્યાસની શરૂઆત કરી હતી. પરંતુ કોલેજ શરૂ થયાને છ માસથી વધુ સમય વીતી જવા છતાં આજદિન સુધી એકપણ કાયમી અધ્યાપકની નિમણૂક કરવામાં આવી નથી. શરૂઆતમાં જૂનાગઢ બહાઉદીન કોલેજના પ્રિન્સિપાલને ચાર્જ સોંપવામાં આવ્યો હતો, બાદમાં બાબરા સરકારી કોલેજના આચાર્યને ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા. તેમ છતાં, કાયમી અધ્યાપકો આવ્યા સુધી પાર્ટટાઈમ કે એડહોક અધ્યાપકો માટે જાહેર જાહેરાત આપવામાં આવી ન હતી અને ખાનગી રીતે માત્ર એક જ પાર્ટટાઈમ અધ્યાપકથી કોલેજ ચલાવવામાં આવી. હવે તે અધ્યાપકે પણ રાજીનામું આપતા કોલેજ સંપૂર્ણપણે અધ્યાપકવિહોણી બની છે. બીજી તરફ, અમદાવાદની કોલેજોમાં ફરજ બજાવતા ત્રણ અધ્યાપકોની બદલી વડીયા કોલેજમાં કરવામાં આવી હોવા છતાં એક પણ અધ્યાપક હાજર થયો નથી. પરીક્ષા નજીક હોવા છતાં વિદ્યાર્થીઓને વિષયોની મૂળભૂત માહિતી ન મળતાં ભારે ચિંતા ફેલાઈ છે. આ સ્થિતિથી રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને કચેરીમાં ઉગ્ર રજૂઆત કરી, કાયમી અધ્યાપકોની તાત્કાલિક નિમણૂક અને ઈન્ચાર્જ આચાર્યની બદલીની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા.

# જિલ્લાના ખેડૂતોની વર્ષો જુની વીજ સમસ્યાઓ અંગે લોક દરબાર યોજવા ઊર્જા મંત્રી સમક્ષ માગણી

અમરેલી,તા.૧૯

દેવભૂમિ દેવળીયાના જાગૃત નાગરિક નાથાલાલ સુખડિયાએ ઊર્જા રાજ્ય મંત્રી અને અમરેલી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખીને જિલ્લાની વર્ષો જુની વીજ લાઈન મરામત કરાવવા અંગે લોક દરબાર યોજીને વિવિધ સમસ્યાનું નિવારણ કરવા અંગે લેખિતમાં રજૂઆત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા ખેડૂતોની વીજ લાઈન સમસ્યાઓ જેવી કે ત્રાંસા પોલ, ઢીલા વીજ વાયરો અને ત્રાંસા ટ્રાન્સફોર્મર વિગેરે અંગે ખેડૂતો દ્વારા સંબંધિત પેટા વિભાગીય કચેરીઓને લેખિત રજૂઆતો કરવામાં આવતી હોય છે પરંતુ કોઈ યોગ્ય કાર્યવાહી નહીં કરાતા આ સમસ્યાનું નિવારણ આવતું નથી. જેના કારણે ખેડૂતોના ઘઉંના પાકમાં આગ લાગવાની ઘટના અને લોકોને અને પશુઓને ઈજા થવાના બનાવો બને છે, આથી લાઈન ટ્રીપ થવાના વધારે બનાવ બનતા રહે છે. જે બાબતે જિલ્લા કક્ષાની વર્તુળ કચેરી ખાતે, અખબારો તેમજ સોશિયલ મીડિયામાં જાહેરાત કરીને લોક દરબાર યોજીને આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવો જોઈએ.

# અમરેલી-લાપળીયા નજીક ટ્રક પલટી મારી જતાં ડ્રાઈવર ઈજાગ્રસ્ત થતા સારવારમાં ખસેડાયો

સાવરકુંડલા, તા.૧૯

અમરેલી-લાપાળીયા નજીક થયેલા એક ગંભીર અકસ્માતમાં ડ્રાઈવરે બેફિકરાઈથી ટ્રક ચલાવતા કાબૂ ગુમાવતા ટ્રક પલટી મારી ગયો હતો. આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ થયો હતો અને ટ્રકની અંદર ફસાયેલો હતો. જોકે, આ સમયે સાવરકુંડલા પાલિકાના ત્રણ સદસ્યો અમરેલી



તરફ જઈ રહ્યા હતા. પાલિકા સદસ્યોએ માનવતા દાખવીને તેમણે તાત્કાલિક પોતાની ગાડી ઊભી રાખી, ઘાયલ ડ્રાઈવરની વહારે આવ્યા હતા અને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી

**સા.કુંડલા પાલિકા સદસ્યોએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરતા ટ્રક ડ્રાઈવરનો જીવ બચ્યો**

હતી. પાલિકાના સદસ્યોની સમયસૂચકતા અને મદદથી ઘાયલ ડ્રાઈવરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જેના કારણે તેનો જીવ બચી ગયો હતો.

# પેટ્રોલિંગ દરમિયાન લાઠી પોલીસે વિદેશી દારૂ સાથે બેને ઝડપી પાડ્યા

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને વિભાગીય પોલીસ અધિકારી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ, લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની અને પીએસઆઈ કે.કે. પાંડવની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ઢસા-સાવરકુંડલા રોડ પર દેરડી ગામ પાસેથી એક સફેદ કલરની ઈકો ફોરવ્હીલ ગાડીને આંતરી હતી. તપાસ કરતાં ગાડીમાંથી મધ્યપ્રદેશમાં વેચાણ માટેની IMFL વિદેશી દારૂની LONDON PRIDE PREMIUM WHISKY ની



૧૮૦ મિ.લિ.ની કુલ ૨૨૦ બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ.૩૭,૪૦૦/- થાય છે. પોલીસે રૂ.૩,૦૦,૦૦૦/- ની કિંમતની ઈકો ગાડી સહિત કુલ રૂ.૩,૩૭,૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં પોલીસે ફુલવસિંહ વાલવસિંહ બામનીયા (રહે. રાજકોટ, મૂળ મ.પ્ર.) અને એક બાળ કિશોરની અટકાયત કરી હતી.

# ચલાલા એસ.ટી. ડેપો ખાતે અધિકારીઓ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન

ધારી,તા.૧૯

અમરેલી એસ.ટી. વિભાગના ટ્રાફિક ઈન્સ્પેક્ટર જુણેજાના માર્ગદર્શન હેઠળ ખાસ સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત એસ.ટી. પરિવહનની બસોમાં કેફી દ્રવ્યોની હેરાફેરી થાય છે કે કેમ તેની તપાસ માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સાથોસાથ એસ.ટી.ના ડ્રાઈવર અને કંડકટર



નશાકારક હાલતમાં તો નથીને તેની પણ ચકાસણી કરવામાં આવી હતી. આ સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત ચલાલા એસ.ટી. ડેપો ખાતે આવનાર દરેક બસનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

# અમરેલી બાર એસોસિએશનના નવા હોદ્દેદારો ચૂંટાયા



અમરેલી, તા.૧૯

અમરેલી બાર એસોસિએશનના હોદ્દેદારોની તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં હોદ્દેદારો સર્વાનુમતે નહીં પણ મતદાનથી ચૂંટાયા હતા. પ્રમુખ પદ માટે કુલ બે ઉમેદવારો વચ્ચે મુકાબલો હતો, જેમાં હિરેનસિંહ વાળા બહુમતીથી વિજેતા જાહેર થયા હતા અને તેઓ હવે એસોસિએશનનું નેતૃત્વ કરશે. ઉપરાંત, ઉપપ્રમુખ તરીકે રીપલ હેલૈયા અને સેક્રેટરી (મંત્રી) તરીકે જે.આર. વાળા ચૂંટાઈ આવ્યા છે.

# ગજેરા કેમ્પસની મહિલા કોલેજનું M.Com.(EM) સેમ.-IIIની પરીક્ષાનું ઉત્કૃષ્ટ પરિણામ

અમરેલી,તા.૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ M.Com.(EM) સેમ.-IIIની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું છે. જેમાં ગજેરા કેમ્પસની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા એમ.કોમ. કોલેજનું ૧૦૦ ટકા ડિસ્ટિંકશન પરિણામ જાહેર થયું છે. કોલેજની વિદ્યાર્થિનીઓ-પોપટ ક્રિના પી.



કોલેજ ફર્સ્ટ - ૯૫.૪૦%, વઘાસીયા અવિષા એમ. કોલેજ સેકન્ડ- ૯૩.૮૦% અને ચૌહાણ પૂજા બી. કોલેજ થર્ડ - ૯૩.૬૦% પ્રાપ્ત કરેલ છે. આ સફળતા મેળવવા બદલ કોલેજ પરિવાર તરફથી તમામ સ્ટાફ, સ્ટુડન્ટ અને રેન્કરને અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# અમરેલીમાં લેઉવા પટેલ ટ્રસ્ટ દ્વારા યોજાનાર સમૂહલગ્ન અંગે આવતીકાલે મિટિંગનું આયોજન

અમરેલી,તા.૧૯

અમરેલીમાં યોજાનાર ૧૭મા સમૂહલગ્નના ભવ્ય આયોજન માટે શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-અમરેલી દ્વારા એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણીની અધ્યક્ષતામાં આ ખાસ મિટિંગ આગામી રવિવાર,



તા. ૨૧-૧૨-૨૦૨૫ ના રોજ સાંજના ૫:૦૦ કલાકે ખોડલધામ પાર્ટી પ્લોટ, ભોજલીયા હનુમાન પાસે, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે યોજાશે. ટ્રસ્ટ દ્વારા સમાજના તમામ મિત્રમંડળ તથા સભ્યોને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા લેઉવા પટેલ સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે, આ બેઠકનો હેતુ સમૂહલગ્નને સફળ બનાવવા માટે જરૂરી ચર્ચા અને

**સમાજના તમામ મિત્ર મંડળને હાજર રહેવા પ્રમુખ ડી.કે.રૈયાણીનો અનુરોધ**

આયોજન કરવાનો છે. જેથી લેઉવા પટેલ ટ્રસ્ટ અમરેલી દ્વારા સમાજ ઉપયોગી આ ભગીરથ કાર્યમાં સહકાર આપવા માટે આગેવાનો અને સભ્યોને અપીલ કરવામાં આવી છે.

# અમરેલીમાં આજે જિલ્લા ભાજપ દ્વારા આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત વેપારીઓનું મહાસંમેલન

અમરેલી,તા.૧૯

સ્થાનિક વેપાર-ઉદ્યોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાના હેતુથી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા શનિવારે રાત્રે ૦૮:૩૦ કલાકે વેપાર ઉદ્યોગ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. અમરેલીની અજમેરા સ્કૂલ ખાતેના વર્ધમાન બેન્ક્વેટ હોલ ખાતે આયોજિત આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ વેપારીઓ અને ઉદ્યોગ સાહસિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અને સ્વદેશી અભિયાન સાથે જોડવાનો છે. આ સંમેલનના અધ્યક્ષ સ્થાને ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે અને મુખ્ય વકતા તરીકે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા આત્મનિર્ભર ભારત વિષે માહિતી અને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, મહામંત્રીઓ મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસિયા અને પીઠાભાઈ નકુમ સહિત વેપાર ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહેશે. જિલ્લા ભાજપ વેપાર ઉદ્યોગ સંમેલનના સંયોજક દિનેશભાઈ ભુવા, કેતનભાઈ સોની અને દિવ્યેશ વેકરીયાની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, અમરેલી જિલ્લાના તમામ નાના-મોટા વેપારીઓ અને ઉદ્યોગકારોને આ સંમેલનમાં સમયસર હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.









# જાફરાબાદના દરિયામાંથી પકડેલી બૂમલા માછલીનો કરોડોનો કારોબાર

**બૂમલા માછલીનો વેપાર દેશ-વિદેશમાં થઈ રહ્યો છે**

જાફરાબાદ,તા.૧૯

અમરેલી જિલ્લાના દરિયા કાંઠે આવેલું જાફરાબાદ શહેર હવે માત્ર માછીમારોનું ગામ નથી પરંતુ કરોડોની કમાણી કરતુ કેન્દ્ર બની ગયું છે. અહીંથી દર વર્ષે આશરે ૪૫૦ કરોડ રૂપિયાનો માછલીનો વેપાર થાય છે ખાસ કરી ને બૂમલા માછલી (bombay duck) માટે જાફરાબાદનું નામ હવે આંતરરાષ્ટ્રિય દરિયાઈ નકશામાં ચમકતું થયું છે. અમરેલી જિલ્લાના દરિયા કાંઠે આવેલું જાફરાબાદ શહેર માત્ર પ્રાકૃતિક સુંદરતા માટે જ નહિ પરંતુ તેની દરિયાઈ સંપત્તિ માટે પણ વિશ્વભરમાં જાણીતું છે. ખાસ કરીને અહીંથી મળતી બૂમલા માછલી (bombay duck- locally knownas bumla machhi) માટે જાફરાબાદનું નામ સમગ્ર દેશ અને વિદેશમાં ગુંજી રહ્યુ છે. દર વર્ષે અહીંથી આશરે ૪૫૦ કરોડ રૂપિયા સુધીનો માછલી વેપાર થતો હોવાનું માછીમારો જણાવે છે. જાફરાબાદના સાગરખેડૂ હમીર સોલંકી જણાવે છે કે, તેઓ છેલ્લા ૩૦ વર્ષથી દરિયાઈ ખેતી સાથે સંકળાયેયા છે. મેં ૧૦ ધોરણ સુધી અભ્યાસ કર્યો છે મારી પાસે બે બોટ છે અને મારો એકમાત્ર રોજગાર માછીમારીનો છે. જાફરાબાદ બંદરે હાલમાં લગભગ ૭૦૦ બોટ કાર્યરત છે અને ૫૦૦૦થી વધુ લોકો સીધા માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલા છે. જાફરાબાદ દરિયાઈ વિસ્તારમાં



તસવીર : બાબુ વાઢેળ

ખાસ કરીને બૂમલા માછલીનું પ્રમાણ વધારે જોવા મળે છે. આ માછલી જાફરાબાદ બંદરથી આશરે ૫૦ નોટિકલ માઈલ દૂરના ઉંડા દરિયામાં પકડી શકાય છે. માછીમારો ૧૦ દિવસ સુધી દરિયામાં રહે છે અને પછી માછલીને કિનારે લાવે છે. બાદમાં આ માછલીને ખાસ પધ્ધતિથી સુકવામાં આવે છે કારણ કે બૂમલા માછલીનું સૌથી વધુ બજાર સૂકવેલ સ્વરૂપમાં જ છે. એકવાર સુકાઈ જાય પછી તેને બંધ કરીને પેક કરવામાં આવે છે અને બિહાર, ઓરિસ્સા, કોલકાતા, શ્રીલંકા, બાંગ્લાદેશ અને મુંબઈના બંદરો મારફતે વિદેશોમાં નિકાસ કરવામાં આવે છે. માછીમારીની સિઝન સામાન્ય રીતે ચારથી છ મહિના સુધી ચાલે છે. આ સમય દરમિયાન દરિયાઈ હવામાન અનુકૂળ હોય છે એક બોટ સરેરાશ ૫ લાખથી ૮ લાખ રૂપિયા સુધીનો માલ લાવે છે. માછલીના ભાવમાં પણ ગુણવત્તા અને નિકાસ બજાર અનુસાર ભારે તફાવત હોય છે. એક કિલોગ્રામ બૂમલા માછલીનો ભાવ ૫૦૦થી ૪૦૦૦ રૂપિયા સુધી પહોંચે છે. બૂમલા માછલીની નિકાસથી માત્ર જાફરાબાદ જ નહિ પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોને પણ આર્થિક લાભ થાય છે. દર વર્ષે વિદેશી માંગ વધવાથી સ્થાનિક માછીમારો માટે રોજગારની તકો વધે છે. અનેક માછીમારો આજે લાખો રૂપિયા કમાઈ રહ્યા છે. આ રીતે જાફરાબાદ માત્ર માછીમારોનું બંદર નથી પરંતુ એક જીવંત ઉદાહરણ છે કે કેવી રીતે દરિયાઈ સંપત્તિ અને સ્થાનિક મહેનત દ્વારા એક નાનકડું શહેર વિશ્વના દરિયાઈ નકશામાં પોતાનું સ્થાન મેળવી શકે છે.

**ચોટીલા તાલુકામાં પેટ્રોલિંગ કરી રહેલા નાયબ મામલતદારની ટીમ પર હુમલાનો વિરોધ**

# અમરેલી જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે આવેદન પાઠવ્યું

અમરેલી,તા.૧૯

ચોટીલા (થાનગઢ) તાલુકામાં ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ સામે પેટ્રોલિંગ કરી રહેલા નાયબ મામલતદાર તરુણભાઈ દવે અને તેમની ટીમ પર ખનીજ માફિયાઓએ જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ સરકારી ફરજમાં અડચણ ઊભી



કરી અને ધમકીઓ આપી હતી. આ ગંભીર ઘટનાના પગલે અમરેલી જિલ્લા મહેસુલી કર્મચારી મંડળમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરીને આઠ જેટલી મુખ્ય માંગણીઓ કરી છે, જેમાં તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ, સંબંધિત કલમો હેઠળ FIR નોંધાવવી અને તમામ આરોપીઓની ધરપકડનો સમાવેશ થાય છે. મંડળે ખનન માફિયાના વાહનો અને મશીનરી જપ્ત કરવા, ગેરકાયદેસર વ્યવસાયો બંધ કરાવવા અને મહેસૂલી કર્મચારીઓને પોલીસ સુરક્ષા પૂરી પાડવા સહિતની કડક કાર્યવાહીની માંગ કરી છે. આ હુમલાએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ ઊભા કર્યા છે.

**બગસરા બાયપાસ પાસે ટ્રક નાળામાં ખાબક્યો**



તસવીર : મયુર પંડ્યા

બગસરાથી અમરેલી બાયપાસ પાસે છેલ્લાં એક વર્ષથી નાળાની ફરતે બાંધેલી પ્રોટેક્શન દિવાલ ધરાશાયી થઈ છે. આ દિવાલ બનાવવા માટે પાલિકા સદસ્ય અરવિંદભાઈ નળીયાધરા દ્વારા હાઈવે ઓથોરિટીને રજૂઆત કરવામાં આવી હતી આમ છતાં દિવાલ બનાવવામાં ન આવતા વારંવાર અકસ્માત થઈ રહ્યા છે. જેમાં ગોંડલથી ખોળ, મમરા ભરીને લઈ જતો ટ્રક નાળામાં ખાબકતા ટ્રકને નુકસાન થયુ હતું. જો કે અન્ય કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

# ઢસા- દામનગર રોડ પર જર્જરિત નાળા-પુલિયાના કામનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

દામનગર,તા.૧૯

ઢસા–દામનગર રાજ્ય ધોરી માર્ગ પર આવેલાં વર્ષોથી અતિ જુના અને જર્જરિત બની ગયેલા પથ્થરના નાળા-પુલિયાને બદલીને આધુનિક અને મજબૂત આર.સી.સી.ના નાળા-પુલિયા બનાવવાની મહત્વપૂર્ણ યોજનાનું ખાતમુહૂર્ત આજે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ



સમગ્ર પ્રોજેક્ટ માટે કુલ રૂ.૯.૯૨ કરોડની માતબર રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ રોડ પર હાલમાં કુલ ૯ જેટલા પથ્થરના નાળા-પુલિયા આવેલા છે. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, ઢસા–દામનગર રોડ આ વિસ્તાર માટે અત્યંત મહત્વનો માર્ગ છે જેમાં ખેડૂતોએ પોતાની કૃષિ પેદાશ બજારમાં પહોંચાડવી, વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ તથા સામાન્ય નાગરિકોની આવન-જાવન સરળ બને તે હેતુથી આ વિકાસ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ પ્રસંગે, તાલુકા પંચાયતના સદસ્ય, સરપંચ, સ્થાનિક આગેવાનો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. સૌએ આ વિકાસ કાર્ય બદલ રાજ્ય સરકાર અને ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બગસરામાં પાલિકા દ્વારા પાણીનો વેડફાટ કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી

**જો કચરો ગમે ત્યાં ફેંકવામાં આવશે તો વધુ દંડ ફટકારવામાં આવશે : ચીફ ઓફિસર**

બગસરા,તા.૧૯

બગસરા નગરપાલિકા દ્વારા અગ્ર સચિવ, શહેરી વિકાસ અને પ્રાદેશિક કમિશ્નર ભાવનગરની સૂચનાથી શહેરી વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ચીફ ઓફિસર દિલીપભાઈ હુણ, સેનેટરી ઈન્સ્પેકટર અને વોર્ડ સુપરવાઈઝરોની ટીમે શહેરના વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ



તસવીર : હાર્દિક બામટા

ઝુંબેશ દરમિયાન વિઝીબલ ક્લીન્લીનેસ, ડોર-ટુ-ડોર કચરા કલેક્શન અને પાણીનાં વેડફાટનું મોનિટરીંગ કરવામાં આવ્યું હતું. પાલિકા દ્વારા પાણીનો વેડફાટ કરનાર વ્યક્તિઓને સ્થળ પર જ દંડ ફટકારવામાં આવ્યો છે, જેમાં અત્યાર સુધીમાં રૂ.૩૫૦૦ જેટલો દંડ વસૂલવામાં આવ્યો છે. ચીફ ઓફિસર દિલીપભાઈ હુણે લોકોને જ્યાં ત્યાં કચરો ન ફેંકવા અને પાણીનો વેડફાટ ન કરવા સૂચના આપી છે. તેમણે ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં પણ તમામ વિસ્તારોની વિઝીટ ચાલુ રહેશે અને ગંદકી ફેલાવનારા અથવા પાણીનો બગાડ કરનારાઓને દંડ ફટકારવામાં આવશે.

## અવસાન નોંધ

**કોડીનાર**

સ્વ.ભરતભાઈ મેઘજીભાઈ રૂપારેલ(ઉ.વ.૭૩)નું તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ભાવેશભાઈના પિતા, રાજુભાઈ, જયેશભાઈ (ભાવેશ ટ્રેડિંગવાળા)ના કાકા તેમજ સ્વ.નવનીતભાઈના નાનાભાઈ અને સ્વ.વિઠલભાઈ ગોવિંદભાઈ છગ(ઉનાવાળા)ના જમાઈ થાય છે. સદગતની પ્રાર્થનાસાભા અને શ્રી લોહાણા મહાજન દ્વારા શોકસભા તા.૨૧ને રવિવારે સાંજે ૪થી ૬ સુધી લોહાણા મહાજન વાડી, જીવ પ્લોટ, કોડીનાર ખાતે રાખ્યુ છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીંગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525


BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર
■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૧૩/૨૦૨૫

અરજદાર : શ્રી પાતાભાઈ કેશુભાઈ કુણત
સરનામુ : મું.એભલવડ તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - એભલવડ
મું.એભલવડ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના એભલવડ** ગામના **શ્રી પાતાભાઈ કેશુભાઈ કુણત** એ તેમના **પુત્ર નામે શ્રી મહેશભાઈ પાતાભાઈ કુણત નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી કે.એમ.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૩૬/૨૦૨૫

અરજદાર : શ્રી રાઠોડ વીરૂબેન ચીથરભાઈ
સરનામુ : મું.ધારાબંદર તા.જાફરાબાદ જી.અમરેલી
હાલ રે. સૈયદ રાજપરા તા.ઉના જી. ગીરસોમનાણ

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ધારાબંદર
મું.ધારાબંદર તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી રાઠોડ વીરૂબેન ચીથરભાઈ**એ તેમના **પુત્રી નામે શ્રી લસમબેન ચીથરભાઈ રાઠોડ નો જન્મ** તા.૦૨/૦૨/૨૦૦૫ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વી.એચ.ગંગાજળીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**મામલતદાર કચેરી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૯૧/૨૦૨૫ તા.૧૨/૧૨/૨૦૨૫

શ્રી જયન્તીભાઈ વલ્લભભાઈ હિરપરા
રહે. વેકરીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા તા.વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી જયન્તીભાઈ વલ્લભભાઈ હિરપરા રહે. વેકરીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૩૧/૦૫/૧૯૬૭ ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા.વિસાવદર, જી.જુનાગઢ ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૨ મી ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## બે ઈસમોએ બસ સ્ટેશન ઉપરની પારાપેટ તોડી પાછળની દિવાલમાં બાકોરૂ પાડ્યું

# સાવરકુંડલાના શેલણા ગામના બસ સ્ટેન્ડ પર કબજો કરવા માથાભારે તત્વોનો ડોળો

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલાના શેલણા ગામના બસ સ્ટેન્ડ પર ગેરકાયદે કબજો કરવા માથાભારે તત્વોનો ડોળો છે. તેમના ત્રાસથી કંટાળીને ગ્રામજનોએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હોવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી.

સંજોગ ન્યૂઝને મળેલી માહિતી પ્રમાણે, શેલણા ગામના પાદરમાં દાતા એલ. ડી. ગેડીયા દ્વારા બસ સ્ટેન્ડ બનાવી આપવામાં આવ્યું હતું. બસ સ્ટેન્ડને ગામના બે ઈસમો દ્વારા પચાવી પાડવાની કોશિશ થઈ રહી છે. આ બંને ઈસમો દ્વારા બસ સ્ટેન્ડના ઉપરના ભાગે પારાપેટ તોડી પાડવામાં આવી છે તેમજ પાછળના ભાગે





દીવાલમાં ગાબડું પાડી દીધું છે. જેના કારણે બસ સ્ટેન્ડમાં બેસી શકાય તેવી સ્થિતિ નથી. આ લોકોએ તેમનો સામાન બસ સ્ટેન્ડમાં ભરીને તેના પર ગેરકાયદે કબજો કરી દીધો છે.

આ બંનેને ગ્રામજનોએ રજૂઆત કરતાં તેમણે કહ્યું કે, બસ સ્ટેન્ડ તો પડી જ જશે તમારે જે કરવું હોય તે કરો. અમારે અહીંયા આ જગ્યા પર દુકાન બનાવવાની છે.

ઉપરાંત ગ્રામજનોને મારવાની ધમકી આપીને ત્યાંથી કાઢી મુક્યા હતા. આ બંને માથાભારે તત્વોએ બસ સ્ટેન્ડની આજુબાજુમાં રોડ પર છાપરા બનાવી દબાણ કર્યું છે. આ અંગે ગ્રામજનોએ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખીને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

**'બસ સ્ટેન્ડ તો પડી જ જશે, તમારે જે કરવું હોય તે કરો' તેમ કહ્યું**

## ચિતલ ગામે ખેડૂતના ડેલા પાસેથી બાઈકની ઉઠાંતરી

**અજાણ્યા ઈસમ સામે અમરેલી તાલુકા પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૧૯

અમરેલીના ચિતલ ગામે ખેડૂત રાત્રે જમવા બેઠો ત્યારે તેના ડેલા પાસેથી બાઈકની ઉઠાંતરી થઈ હતી. બનાવ અંગે અરવિંદભાઈ લાલજીભાઈ દેસાઈ (ઉ.વ.૬૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના હવાલાવાળું મોટર સાયકલ ઘરના ડેલા પાસે રાખી રાત્રે જમવા બેઠા હતા. અડધી કલાકના સમયગાળામાં અજાણ્યો ઈસમ તેની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. આ બાઈકની કિંમત ૧૦,૦૦૦ જાહેર થઈ હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જી. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીમાં આજથી 'સશક્ત નારી મેળા'નું આયોજન

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લામાં સ્વદેશી અભિયાન અંતર્ગત 'સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાના માધ્યમથી મહિલા આગેવાની હેઠળના લઘુ સુક્ષ્મ ઉદ્યોગો અને તેમના દ્વારા બનાવેલી વસ્તુઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. મહિલાઓની ઉદ્યમશીલતાને પ્રોત્સાહન આપતો આ ત્રણ દિવસીય સશક્ત નારી મેળો તા.૨૦ ડિસેમ્બરથી તા.૨૨ ડિસેમ્બર સુધી નૂતન હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, ચિતલ રોડ અમરેલી ખાતે યોજાવાનો છે. જેમાં અમરેલી નગરજનોને મહિલાઓ દ્વારા ઉત્પાદિત અવનવી વસ્તુઓ ખરીદવાની તક મળશે. આ મેળામાં તમામ ૧૦૦ સ્ટોલ્સને ડિજિટલ માધ્યમનાં કયુઆર કોડ દ્વારા કેશલેસ પેમેન્ટનો વ્યાપ વધારવા માટેનો પ્રયાસ કરવામાં આવશે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને અમરેલી સ્થિત નૂતન હાઈસ્કૂલ ખાતે તા. ૨૦ ડિસેમ્બરે 'સશક્ત નારી મેળો' ખુલ્લો મુકવામાં આવશે. આ સશક્ત નારી મેળામાં કૃષિ, સહકાર, કુટીર અને ગ્રામ ઉદ્યોગ, વન અને પર્યાવરણ, પશુપાલન, ખેતીવાડી, બાગાયત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ઈન્ડિયન પોસ્ટ તથા બેંક સહિતના વિભાગોના સંકલનથી ૧૦૦ જેટલા સ્ટોલ્સ રાખવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેના માધ્યમથી સ્થાનિક બ્રાન્ડ્સને પ્રોત્સાહન મળશે, સરકારી યોજનાઓમાં જાગૃતિ અને નોંધણીમાં વધારો થશે, લખપતિ દીદી અને ડ્રોન દીદી તથા ખેતીમાં પ્રગતિશીલ ખેડૂત મહિલાઓને સન્માનિત કરવામાં આવશે જેથી અન્ય મહિલાઓને પ્રેરણા મળે, સ્વ-સહાય જૂથોને આર્થિક લાભ માટેની વધુ તકો ઉપલબ્ધ થશે.

## બાબરા તાલુકાના ચરખા ગામેથી છ શકુની પકડાયા

**પોલીસે જુગાર સ્થળેથી રૂા.૧૦,૨૭૦ની રોકડ રકમ કબજે કરી**

બાબરા, તા.૧૯

બાબરાના ચરખા ગામેથી પોલીસે છ જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૧૦,૨૭૦ રોકડા જપ્ત કરવામાં આવ્યા હતા. સાયરભાઈ ચંદુભાઈ ઉગરેજીયા, કરણભાઈ દીલીપભાઈ ઉગરેજીયા, ચંદુભાઈ કરશનભાઈ ઉગરેજીયા, મુન્નાભાઈ ગોબરભાઈ ઉગરેજીયા, વિનુભાઈ સોંડાભાઈ ઉગરેજીયા તથા સુરેશભાઈ કરશનભાઈ ઉગરેજીયા જાહેરમાં તીનપત્તીનો પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૨૭૦ સાથે પકડાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

## ધારી કોર્ટમાં વકીલ તરીકેનો ખોટો દસ્તાવેજ રજૂ કરી હુકમ મેળવનારા શખ્સ સામે કાર્યવાહી

ધારી, તા.૧૯

ધારીની અદાલતમાં વકીલ ન હોવા છતાં ખોટી સહી અને દસ્તાવેજોના આધારે કોર્ટને ગેરમાર્ગે દોરી હુકમ મેળવી લેવાનો એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે નામદાર થર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી દરમિયાન સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. દિલીપભાઈ મુંકદરાવ કાળે (ઉ.વ.૫૧, ઈ.ચા. રજીસ્ટાર થર્ડ એડિશનલ સેશન્સ કોર્ટ ધારી) એ આર.બી. જોષી (વકીલ, ધારી) સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, ધારી કોર્ટમાં 'રેગ્યુલર દિવાની અપીલ નં. ૦૬/૨૦૨૫' નો કેસ ચાલી રહ્યો હતો. આ કેસ જ્યારે કોર્ટ ફી ભરવાના સ્ટેજ પર હતો, ત્યારે એક શખ્સે પોતે વિવાદીના વકીલ ન હોવા છતાં અને તેમની પાસે વકીલાત કરવાનો કોઈ કાનૂની અધિકાર ન હોવા છતાં, ખોટી રીતે વકીલ તરીકેની પુરસીષ (રિપોર્ટ) તૈયાર કરી હતી. આરોપીએ આ પુરસીષમાં પોતાની સહી કરી એક પ્રકારનો 'ખોટો દસ્તાવેજ' તૈયાર કર્યો હતો. આ દસ્તાવેજ ખોટો હોવાનું જાણવા છતાં, નામદાર કોર્ટનો હુકમ મેળવવાના બદઈરાદાથી તેને થર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ શખ્સે કોર્ટને અંધારામાં રાખીને તેના આધારે અનધિકૃત રીતે કોર્ટનો હુકમ પણ મેળવી લીધો હતો. કોર્ટની ગરિમા અને કાયદાકીય પ્રક્રિયા સાથે થયેલી આ ગંભીર છેતરપિંડી બાબતે હવે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખોટા દસ્તાવેજો ઉભા કરી ન્યાયતંત્રને ગેરમાર્ગે દોરનારા આ શખ્સ સામેના પુરાવાઓને ધ્યાને લઈ તપાસ તેજ કરવામાં આવી હતી. ધારી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એસ.એસ. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

## કુંકાવાવના બાંભણીયામાં પોક્સો એક્ટ અંતર્ગત બાળ સુરક્ષા અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

અમરેલી,તા.૧૯



કુંકાવાવ તાલુકાના બાંભણીયા ખાતે આવેલી આદર્શ આશ્રમ શાળા ખાતે પોક્સો (POCSO) એક્ટ અંતર્ગત બાળ સુરક્ષા અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા દ્વારા "બેટી બચાવો-બેટી પઢાવો" યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમમાંથી ગીતાબેન સોલંકી દ્વારા પોક્સો એક્ટ અંગે માહિતી આપવામાં આવી હતી. આ તકે સરપંચ લાલભાઈ ભુવાના હસ્તે વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. એફ.એસ.એલ, મીનાક્ષી બહેન દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. ચાઈલ્ડલાઈન પ્રતિનિધિ સુનિતાબહેન દ્વારા ચાઈલ્ડલાઈન સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. કાઉન્સેલર રોશનીબહેન દ્વારા મહિલા સહાયતા કેન્દ્ર વિશે માહિતી આપવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ અમાસ
તા. ૨૦-૧૨-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૯,
સૂર્યાસ્ત-૦૫:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ મૂળ

### દૈનિક રાશિફળ

**તા.૨૦-૧૨-૨૦૨૫ શનિવાર**

મેષઃ આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

વૃષભઃ કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુનઃ ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

કર્કઃ કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહઃ ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો.

કન્યાઃ આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

તુલાઃ દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે. પરંતુ આત્મવિશ્વાસ વધ્યા પછી શક્તિમાં વધારો થશે.

વૃશ્ચિકઃ બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનઃ ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. ઘર અને ઓફિસના અધૂરા કામોને પતાવવાની તક મળશે.

મકરઃ આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે.

કુંભઃ વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મીનઃ આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

## મોટા આંકડીયા-અમરાપુર રોડ પર ક્રેને સનેડાને ઠોકર મારતા ચાલકનું કમકમાટીભર્યું મોત

વડીયા, તા.૧૯

મોટા આંકડીયાથી અમરાપુર તરફ જતા માર્ગ પર બપોરના સમયે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે આવતી એક ક્રેને સનેડા (ખેતીનું વાહન) ને પાછળથી જોરદાર ટક્કર મારતા સનેડા ચાલકનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના અને હાલ બારવાળા બાવીશી ગામે ચતુરભાઈ કુંભાણીની વાડીએ રહેતા પીન્ટુભાઈ રતનસીંહ મેડા (ઉ.વ.૪૨) એ GJ-27-CQ-0698 ક્રેનના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ મરણજનાર વ્યક્તિ બપોરે આશરે સાડા ત્રણ વાગ્યાના સુમારે પોતાનો સનેડો લઈને મોટા આંકડીયા ગામથી અમરાપુર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવતી એક ACE કંપનીની ક્રેનના ચાલકે પોતાની ક્રેન ગફલતભરી રીતે અને માનવ જિંદગી જોખમાય તે રીતે હંકારી હતી.

ક્રેન ચાલકે બેફીકરાઈથી વાહન ચલાવી સનેડાના પાછળના ભાગે ધડાકાભેર ભટકાવી દીધું હતું. આ ટક્કર એટલી જોરદાર હતી કે સનેડા ચાલકને શરીરે નાની-મોટી અનેક ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ક્રેન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી હતી. આ અકસ્માતને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલાના મોટા અગરીયા ગામે ગાયોના ટોળાએ સિંહોને ભગાડ્યા

અમરેલી,તા.૧૯



રાજુલા નજીક આવેલા મોટા અગરિયા ગામમાં મધરાતે શિકારની શોધમાં ત્રણ સિંહો પ્રવેશ્યા હતા. ગામની ગલીઓમાં આંટાફેરા કરતા આ સાવજો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. આ દરમિયાન સિંહો એક ગાયોના ટોળા પાસે પહોંચ્યા હતા. જોકે, સિંહો ગાયોનો શિકાર કરે તે પહેલાં જ, ગાયોનું આખું ટોળું એકસાથે સિંહોની પાછળ દોડ્યું હતું. વનરાજાને પીછેહટ કરવી પડી હોય તેવો આ વીડિયો ભારે વાયરલ થઈ રહ્યો છે.

## ધારીમાં શારીરિક પીડાથી કંટાળી પુરુષે ગળાફાંસો ખાધો

ધારી, તા.૧૯

ધારીમાં શારીરિક પીડાથી કંટાળી પુરુષે ગળાફાંસો ખાતા મોત થયું હતું. બનાવ અંગે નિતીનભાઈ હસમુખભાઈ કારેલીયા (ઉ.વ.૨૪) એ જાહેર કર્યા મુજબ, હસમુખભાઈ શીવલાલભાઈ કારેલિયા (ઉ.વ.૫૯)ને છેલ્લા બારેક વર્ષથી બન્ને પગ તથા કમરનો દુઃખાવો થતો હતો. જેથી કંટાળી જઈ ગળાફાંસો ખાઈ જતા મરણ પામ્યા હતા. ધારી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ધારીની સિવિલ હોસ્પિટલમાં સાધનોનો અભાવ હોવાના આક્ષેપ

અમરેલી,તા.૧૯

ધારીમાં નવનિર્મિત અદ્યતન સિવિલ હોસ્પિટલ વિવાદમાં સપડાઈ છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે હોસ્પિટલમાં ડાયાલિસિસ મશીન સહિત સારવાર માટે જરૂરી સાધનોનો અભાવ છે. જોકે, હોસ્પિટલના તબીબ ડો. સાવલિયાએ આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હોસ્પિટલ મોટાભાગના આધુનિક સાધનોથી સજ્જ છે અને જે કોઈ સાધનો બાકી છે, તે પણ ટૂંક સમયમાં કાર્યરત કરી દેવામાં આવશે.

## બાબરાના વાંડળીયા ગામે દુષ્કર્મઃ એક વર્ષ પહેલાંની ઘટનામાં ત્રણ સામે ફરિયાદ

**મહિલા સહિત બે લોકો સામે બાબરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

બાબરા, તા. ૧૯

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાંડળીયા ગામે એક વર્ષ પૂર્વે બનેલી દુષ્કર્મની શરમજનક ઘટનામાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ મામલે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

રાજેશભાઈ ઉર્ફે (વલકુ) દેવચંદભાઈ જીયાણી, સંગીતાબેન પ્રવિણભાઈ ઝાપડીયા તથા પ્રવીણભાઈ ઝાપડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ભોગ બનનાર તેના પરિવાર સાથે વાંડળીયા ગામે રહેતા હતા, તે દરમિયાન આજથી એક વર્ષ પહેલાં આ ચકચારી ઘટના બની હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, સંગીતાબેન ઝાપડીયાની મદદથી મુખ્ય આરોપી રાજેશભાઈ જીયાણીએ ભોગ બનનારને પોતાના ઘરે બોલાવ્યા હતા. ત્યારબાદ, અલગ-અલગ સમયે બે વખત બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું.

આ ગુનામાં માત્ર દુષ્કર્મ જ નહીં, પરંતુ પ્રવિણભાઈ ઝાપડીયા દ્વારા પણ ભોગ બનનાર પાસે અશોભનીય અને ખરાબ માંગણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આ સમગ્ર કૃત્યમાં એક આરોપીએ મદદગારી કરી હતી જ્યારે અન્યએ દુષ્કર્મ અને છેડતી કરી હતી. આ મામલે ભોગ બનનારે હિંમત દાખવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.જી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# લોકશાહી પ્રણાલિકાની અવમાનના

લોકસભામાં 'વિકસિત ભારત ગેરંટી' (વીબી-જી રામ જી) બિલની ચર્ચા દરમિયાન થયેલી ઘટના લોકશાહીના મંદિર પર કાળો ડાઘ છે. ધ્વનિમતથી બિલ પસાર થયું, પરંતુ તેના પર થયેલી પ્રક્રિયા અને વિપક્ષનો અસહકાર એવો શરમજનક હતો કે તે ભારતીય સંસદીય ઈતિહાસમાં એક દુઃખદ પ્રકરણ તરીકે દાખલ થઈ જશે. વિધેયકની નકલો ફાડી નાખવી અને સ્પીકર તરફ ઉછાળવી, આ વર્તન સંસદીય ચર્ચા અને વિવાદની મર્યાદાઓને ઓળંગી જાય છે. આ ઘટના પર કેવળ રાજકીય દલીલ કરવાને બદલે, ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે કે આપણી લોકશાહીની પ્રક્રિયાઓ અને રાજકીય સંસ્કૃતિ કઈ દિશામાં જઈ રહી છે. વાસ્તવમાં, વિપક્ષના આ વર્તન પાછળનો કેન્દ્રિય મુદ્દો ગંભીર છે. મહાત્મા ગાંધીના નામ સાથે જોડાયેલી મનરેગા જેવી યોજનાનું નામ બદલવાની કેન્દ્ર સરકારની નીતિ ઉપર વિપક્ષનો આક્ષેપ છે. વિરોધનું આ સ્વરૂપ યોગ્ય ન હોય, પરંતુ તે દર્શાવે છે કે નામ બદલવાના પગલાને કેટલાક વર્ગોમાં રાજકીય પ્રતીકાત્મક હુમલા તરીકે જોવામાં આવે છે. ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણનો આક્ષેપ છે કે કોંગ્રેસે ૨૦૦૯ના ચૂંટણી લાભ માટે મહાત્મા ગાંધીનું નામ ઉમેર્યું હતું. આ પ્રત્યાક્ષેપ એટલે બન્ને પક્ષો એકબીજા પર રાજકીય પ્રતીકોના ઉપયોગનો આરોપ મૂકી રહ્યા છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ બધું દેશની ગરીબી અને બેરોજગારીની મૂળ સમસ્યાઓનું નિરાકરણ કરવાને બદલે રાજકીય લાભ-હાનિના ગણિત સુધી સિમિત થઈ ગયું છે. વિપક્ષે બિલને સ્થાયી સમિતિમાં મોકલવાની માંગ કરી હતી, જેથી તેની વધુ સૂક્ષ્મ તપાસ થઈ શકે. સરકારનો દાવો છે કે નવી યોજના મનરેગા કરતાં વધુ વ્યાપક અને પ્રભાવી હશે. પરંતુ આવા મહત્વપૂર્ણ પરિવર્તનોમાં વિપક્ષની ભાગીદારી અને વ્યાપક સહમતિ અપેક્ષિત હોય છે. ધ્વનિમતથી પસાર કરવાની ઉતાવળ અને વિપક્ષના આક્ષેપોને ગંભીરતાપૂર્વક સાંભળવાને બદલે તેમના વર્તન પર ફક્ત આક્ષેપ કરવા એ સંવેદનશીલતાનો અભાવ દર્શાવે છે. દરેક પક્ષે એકબીજા પર 'ગાંધીના આદર્શો'નો દાવો કર્યો છે, પરંતુ ગાંધીજીએ જે સભ્યતા, વિવેક અને વિચારણાપૂર્વક વિરોધની ભાવના પ્રબળ કરી હતી, તે આ ઘટનામાં ગૌણ લાગે છે. વધુ ચિંતાજનક બાબત છે કે આ પ્રકારની ઘટનાઓ સતત સંસદીય કાર્યવાહીને અવરોધિત કરી રહી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ તેમની યોજનાનું નામ ગાંધીજીના નામે રાખવાની જાહેરાત કરીને આ ચર્ચામાં નવું પરિમાણ ઉમેર્યું છે. આ દર્શાવે છે કે આ મુદ્દો હવે રાષ્ટ્રીય સ્તરે ગરમ થઈ ગયો છે અને તેના રાજ્ય-કેન્દ્ર સંબંધો પર પણ પરિણામો હોઈ શકે છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે તેઓ દરેક જિલ્લામાં વિરોધ કરશે. આ દર્શાવે છે કે આ લડાઈ હવે સંસદની બહાર પણ ફેલાશે. આ બધાની પૃષ્ઠભૂમિમાં, ગરીબો માટેની ઐતિહાસિક યોજનાના પુનઃનામકરણની ચર્ચા વધુ મહત્વની બાબતોથી ધ્યાન વિચલિત કરે છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે ગ્રામીણ રોજગારની ખાતરીની યોજના કેટલી અસરકારક રીતે અમલમાં આવે છે, નામ બદલવાથી યોજનાની કાર્યક્ષમતા અને પહોંચમાં સુધારો થશે કે કેમ, તે જ મુખ્ય મુદ્દો હોવો જોઈએ. પરંતુ રાજકીય વેરઝેર અને પ્રતીકાત્મક લડાઈઓએ આ વાતચીતને ગૌણ બનાવી દીધી છે. આખરે, લોકસભામાં થયેલો આ પ્રસંગ એ ચેતવણી છે.

# પ્રદૂષણ નિયંત્રણ માટેના પગલાં તરીકે "ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન"




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

મોટા શહેરોમાં પ્રદૂષણ નિયંત્રણ માટે સરકારે નવી ગાઈડલાઈન જાહેર કરી છે અને તેને માટે એક્શન પ્લાન પણ જાહેર કરવામાં આવ્યો છે. નવી દિલ્હીમાં હવાના પ્રદૂષણની સ્થિતિ ચિંતાજનક સ્તરે પહોંચેલી છે, અને હાલની લેટેસ્ટ વિગતો દર્શાવે છે કે શહેરના ઘણા વિસ્તારોમાં હવાની ગુણવત્તા 'ખૂબ જ નબળી' થી માંડીને 'ગંભીર' શ્રેણીમાં સતત વધતી જાય છે. ખાસ કરીને શિયાળાની શરૂઆત થતાં, ઠંડા અને ભારે હવામાનને કારણે પ્રદૂષકો જમીનની નજીક ફસાઈ જાય છે, જેના પરિણામે ધુમ્મસ (સ્મોગ) છવાઈ જાય છે. આ પરિસ્થિતિ માટે પરાળ સળગાવવું, વાહનોમાંથી થતો ધુમાડો, ઔદ્યોગિક ઉત્સર્જન, અને બાંધકામની ધૂળ મુખ્યત્વે જવાબદાર છે. દિલ્હીના કેટલાક મોનિટરિંગ સ્ટેશનો પર એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ઘણીવાર ૪૦૦થી ઉપર નોંધાયો છે, જે ગંભીર સ્વાસ્થ્ય અસરો સૂચવે છે, ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વસન સંબંધિત રોગોથી પીડાતા લોકો માટે. સરકાર દ્વારા પ્રદૂષણ નિયંત્રણ માટેના પગલાં તરીકે "ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન"ના વિવિધ તબક્કાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે, જેમાં આવશ્યક ન હોય તેવા બાંધકામ પર પ્રતિબંધ, ટ્રકોના પ્રવેશ પર નિયંત્રણ, અને જો પરિસ્થિતિ વધુ વણસે તો 'ઓડ-ઈવન' યોજનાનો સમાવેશ થાય છે. તાજેતરમાં, પ્રદૂષણના સ્તરને ધ્યાનમાં રાખીને, સત્તાવાળાઓએ લોકોને શક્ય હોય ત્યાં સુધી ઘરની અંદર રહેવા અને શારીરિક પ્રવૃત્તિઓ ટાળવા માટે એડવાઈઝરી પણ બહાર પાડી છે. જોકે, આ તમામ પગલાં હોવા છતાં, પ્રદૂષણનું સ્તર વારંવાર જોખમી શ્રેણીમાં રહે છે, જે દર્શાવે છે કે આ એક લાંબા ગાળાની સમસ્યા છે જેના માટે સ્થાયી અને કડક નીતિગત ઉકેલોની જરૂર છે. વાયુ પ્રદૂષણની આ સ્થિતિ માત્ર દિલ્હી પૂરતી સીમિત ન રહેતા, સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR) માટે ગંભીર પડકાર ઊભો કરે છે. લોકોમાં માસ્ક પહેરવા અને એર પ્યુરિફાયરનો ઉપયોગ કરવા અંગે જાગૃતિ વધી છે, પણ વાસ્તવિક રાહત માત્ર હવામાનમાં નોંધપાત્ર ફેરફાર અથવા પ્રદૂષણના મૂળભૂત સ્ત્રોતો પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવાથી જ શક્ય બનશે. દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નઈ અને અમદાવાદ જેવા મોટા શહેરોથી લઈને અન્ય શહેરોની ગીચ વસ્તી વાળા વિસ્તારોમાં હવાની ગુણવત્તા સતત ચિંતાનો વિષય બન્યો છે. આ પ્રદૂષણ માત્ર પર્યાવરણને જ નહીં, પરંતુ લાખો નાગરિકોના સ્વાસ્થ્ય અને જીવનની ગુણવત્તાને પણ જોખમમાં મૂકી રહ્યું છે. ઉદ્યોગોના ધુમાડા, મકાન નિર્માણ કાર્યની ધૂળ, વાહનોનો અવિરત ધુમાડો અને બાયોમાસ સળગાવવાથી પેદા થતા ઝેરી કણોએ આપણા શહેરી આકાશને ધૂંધળું બનાવી દીધું છે. આ પ્રદૂષકો ફેફસાંના રોગો, હૃદયની સમસ્યાઓ અને અન્ય ગંભીર બીમારીઓ માટે સીધી રીતે જવાબદાર છે, જેના કારણે સરેરાશ આયુષ્ય ઘટી રહ્યું છે અને આરોગ્ય ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. વિકાસની આ દોડમાં આપણે જે કિંમત ચૂકવી રહ્યા છીએ, તે હકીકતમાં આપણા ભવિષ્યને ધૂંધળું કરી રહી છે. આ સમસ્યાનું મૂળ માત્ર ઔદ્યોગિકીકરણમાં જ નથી, પરંતુ વસ્તી વધારો, નબળું શહેરી આયોજન અને પર્યાવરણીય નિયમોનો અપૂરતો અમલ પણ તેમાં મોટો ભાગ ભજવે છે. ભારતીય શહેરોમાં જોવા મળતું આ પ્રદૂષણ એક જટિલ સમસ્યા છે જેને ઉકેલવા માટે સરકાર, ઉદ્યોગો અને દરેક નાગરિકના સહિયારા પ્રયાસોની તાતી જરૂર છે

ભારતીય શહેરોમાં વાયુ પ્રદૂષણના મુખ્ય સ્ત્રોતોમાંનો એક સ્ત્રોત છે ઓટોમોબાઈલ ક્ષેત્ર. છેલ્લા બે દાયકામાં વ્યક્તિગત વાહનોની માલિકીમાં થયેલા જબરદસ્ત વધારાને કારણે રસ્તાઓ પર ધુમાડાના ગોટેગોટા ફેલાઈ રહ્યા છે, જે શહેરી હવાની ગુણવત્તાને સતત બગાડી રહ્યા છે. ખાસ કરીને જૂના ડીઝલ એન્જિનવાળા વાહનો અને ઓછી કાર્યક્ષમતાવાળા દ્વિચક્રીય વાહનોમાંથી નીકળતા નાઈટ્રોજન ઑક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ, હાઈડ્રોકાર્બન અને સૌથી ખતરનાક એવા સૂક્ષ્મ કણો (PM2.5 અને PM10) હવામાં ભળી રહ્યા છે. આ ઝેરી તત્વો માત્ર વાતાવરણને જ નહીં, પરંતુ શહેરી વિસ્તારોમાં રહેતા લોકોના શ્વસનતંત્રને પણ ગંભીર નુકસાન પહોંચાડે છે. શહેરોમાં ટ્રાફિક જામની સ્થિતિમાં જ્યારે વાહનો લાંબા સમય સુધી આઈડલ રહે છે, ત્યારે પ્રદૂષણનું સ્તર વધુ ઊંચું જાય છે. સરકારે BS-VI જેવા કડક ઉત્સર્જન ધોરણો લાગુ કર્યા હોવા છતાં, વાહનોની સતત વધતી સંખ્યા અને ઈલેક્ટ્રિક વાહનો (EV)ના અપનાવવામાં ધીમી ગતિને કારણે આ પડકાર જટિલ બની રહ્યો છે. શહેરી આયોજકોએ જાહેર પરિવહનને પ્રોત્સાહન આપવા અને બિનજરૂરી ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે, જેથી રસ્તાઓ પરથી ફેલાતા આ 'ધૂમ્ર રાક્ષસ'ને કાબૂમાં લઈ શકાય પંજાબ-હરિયાણાનો કૃષિ કચરો અને દિલ્હીની દમઘૂટન પ્રદૂષણ આજે ગંભીર સમસ્યા બન્યું છે. દિલ્હી અને ઉત્તર ભારતના અન્ય શહેરોમાં શિયાળાની શરૂઆત સાથે જ વાયુ પ્રદૂષણનું સ્તર આસમાને પહોંચી જાય છે, અને આ સ્થિતિ માટે પંજાબ અને હરિયાણામાં ખેતી પછી ડાંગરના અવશેષો સળગાવવાની પ્રથા એક મુખ્ય કારણ છે. આ 'પરાળી સળગાવવાની' પ્રવૃત્તિ એક પરંપરાગત રીત છે જેમાં ખેડૂતો આગામી ઘઉંના પાક માટે ખેતરોને ઝડપથી તૈયાર કરવા માટે ડાંગરના કચરાને બાળી નાખે છે. આ ખુલ્લી આગમાંથી નીકળતો ગાઢ ધુમાડો અને રાખ ઉત્તર-પશ્ચિમના પવનો સાથે દિલ્હી-એનસીઆર ક્ષેત્ર તરફ વહે છે, જ્યાં તે શહેરના અન્ય પ્રદૂષકો સાથે મળીને એક ઝેરી સ્મોગનું નિર્માણ કરે છે. આ સ્મોગ એટલો ગાઢ હોય છે કે તે સૂર્યપ્રકાશને પણ અવરોધે છે અને લાખો લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડે છે, વિઝિબિલિટી ઘટી જાય છે અને જાહેર સ્વાસ્થ્ય કટોકટી સર્જાય છે. કાયદાકીય પ્રતિબંધો અને દંડ હોવા છતાં, પરાળી બાળવાની સમસ્યા ચાલુ રહે છે કારણ કે ખેડૂતો પાસે વૈકલ્પિક, સસ્તા અને ઝડપી ઉકેલોનો અભાવ છે. આ સમસ્યાના ઉકેલ માટે ખેડૂતોને કચરો ન સળગાવવા માટે પ્રોત્સાહન આપવું, સબસિડી પર આધુનિક મશીનરી પૂરી પાડવી અને કૃષિ કચરાનો ઉપયોગ ઊર્જા ઉત્પાદન જેવા અન્ય આર્થિક હેતુઓ માટે થાય તેવા પ્રયત્નો કરવા અનિવાર્ય છે. જ્યાં સુધી આ બે રાજ્યોમાં આ પ્રથા સંપૂર્ણપણે બંધ નહીં થાય, ત્યાં સુધી દિલ્હીની હવાની ગુણવત્તામાં કાયમી સુધારો લાવવો લગભગ અશક્ય છે. ટ્રાફિક અને વાહનવ્યવહારનો બોજ માની ન શકાય એટલો મોટો છે. દિલ્હીની જેમ, અમદાવાદમાં પણ ખાનગી વાહનોની વધતી સંખ્યાને કારણે ટ્રાફિકનું પ્રદૂષણ ચિંતાજનક સ્તરે પહોંચ્યું છે. શહેરના મુખ્ય માર્ગો પર વાહનોમાંથી નીકળતા સૂક્ષ્મ કણો હવાની ગુણવત્તા ઈન્ડેક્સ (AQI)ને નિયમિતપણે 'ખરાબ' અથવા 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં ધકેલે છે. નિર્માણ કાર્યની ધૂળ અને કચરાનું વ્યવસ્થાપન બહું જરૂરી છે. ઉપરાંત મેટ્રો પ્રોજેક્ટ્સ અને અન્ય વિકાસલક્ષી બાંધકામ પ્રવૃત્તિઓથી પેદા થતી ધૂળ પ્રદૂષણમાં મોટો ફાળો આપે છે. આ ઉપરાંત, કચરાના ઢગલાઓને ખુલ્લેઆમ બાળવાથી નીકળતો ધુમાડો અને ધૂળ પણ શહેરી હવામાં ભળી જાય છે, જેના કારણે શિયાળામાં પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. પ્રદૂષણની કટોકટી, ઓટોમોબાઈલની બેફામ વૃદ્ધિ, કૃષિ કચરાનું દહન અને અમદાવાદ જેવા શહેરોના ઔદ્યોગિકીકરણના પડકારો સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતને તાત્કાલિક અને વ્યાપક નીતિગત સુધારાની જરૂર છે. આ માટે હરિયાળી ટેકનોલોજીને અપનાવવી, જાહેર પરિવહનને મજબૂત બનાવવું, કાયદાનું કડક પાલન કરવું અને સૌથી અગત્યનું, પ્રદૂષણ અંગે જનજાગૃતિ ફેલાવવી જરૂરી છે. સ્વચ્છ હવા એ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે, અને તેને સુરક્ષિત કરવા માટે સામૂહિક સંકલ્પશક્તિ અનિવાર્ય છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

## રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૮૧ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૪૯ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૭૮૫ | ૯૫૬ |
| બાજરી | ૨૭૫ | ૪૮૫ |
| તુવેર | ૭૫૦ | ૧૩૨૫ |
| ચણા પીળા | ૯૫૧ | ૧૦૭૮ |
| ચણા સફેદ | ૧૩૫૦ | ૧૮૫૫ |
| અડદ | ૯૨૦ | ૧૪૬૨ |
| મગ | ૧૧૦૦ | ૧૮૫૦ |
| વાલ દેશી | ૫૭૫ | ૧૦૦૧ |
| ચોળી | ૮૮૦ | ૧૧૯૯ |
| મઠ | ૮૦૦ | ૧૩૫૦ |
| વટાણા | ૧૧૫૦ | ૧૮૫૦ |
| કળથી | ૪૫૦ | ૭૨૦ |
| રાજમા | ૯૦૦ | ૧૫૮૦ |
| મગફળી જાડી | ૧૦૩૦ | ૧૪૦૦ |
| મગફળી જીણી | ૧૦૧૫ | ૧૩૮૫ |
| તલી | ૧૭૩૫ | ૨૧૩૪ |
| સુરજમુખી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| એરંડા | ૧૦૫૪ | ૧૩૧૪ |
| અજમો | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સુવા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| સોયાબીન | ૮૨૧ | ૮૯૫ |
| સીંગફાડા | ૯૩૮ | ૧૪૮૧ |
| કાળા તલ | ૩૭૦૦ | ૪૮૫૦ |
| લસણ | ૧૧૦૧ | ૨૦૫૦ |
| ધાણા | ૧૩૮૦ | ૧૮૧૮ |
| મરચા સુકા | ૨૧૦૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૮૪૦ |
| વરીયાળી | ૧૧૬૧ | ૧૪૬૦ |
| જીરૂ | ૩૫૩૫ | ૩૯૪૮ |
| રાય | ૧૩૩૦ | ૧૯૭૫ |
| મેથી | ૯૦૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| અશેરીયો | ૧૦૨૫ | ૧૧૭૦ |
| રાયડો | ૧૦૩૫ | ૧૨૯૫ |
| રજકાનું બી | ૫૫૦૦ | ૧૨૧૦૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૦૩૪ |

## રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૧૬ | ૩૯૪ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૨૫ |

## ગોંડલ

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૫૮ |
| સિંગ ફાડીયા | ૮૭૧ | ૧૩૬૬ |
| એરંડા/એરંડી | ૧૨૩૬ | ૧૩૫૧ |
| તલ લાલ | ૨૨૫૧ | ૨૨૫૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૭૧ |
| કલંજી | ૯૫૧ | ૪૪૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૨૧ |
| અડદ | ૮૫૧ | ૧૪૨૧ |
| મઠ | ૪૨૦ | ૭૦૧ |
| તુવેર | ૭૦૦ | ૧૪૭૧ |
| રાય | ૧૮૦૧ | ૧૮૦૧ |
| મેથી | ૬૦૧ | ૧૦૪૧ |
| કાંગ | ૩૦૦ | ૫૫૧ |
| સુરજમુખી | ૧૨૬ | ૧૨૬ |
| સફેદ ચણા | ૧૦૪૧ | ૨૦૦૧ |
| તલ - તલી | ૧૪૫૧ | ૨૧૭૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૦૦૧ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૩૯૧ |
| બાજરો | ૩૦૧ | ૪૦૧ |
| મકાઇ | ૧૦૦ | ૧૦૦ |
| મગ | ૯૦૧ | ૧૭૮૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૬ |
| વાલ | ૬૭૬ | ૧૦૩૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૨૨૬ |
| સોયાબીન | ૭૫૧ | ૮૯૬ |
| કળથી | ૫૦૧ | ૭૫૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૩૧ |

## અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૩૦૦ |
| શગ ૬૬ | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ગીરનાર શિંગ | ૧૦૦૦ | ૧૩૩૮ |
| શિંગ મોટી | ૧૦૦૩ | ૧૩૩૨ |
| શીંગ દાણા | ૮૦૦ | ૧૪૧૧ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૫૦૫૦ |
| તલ કાશ્મીરી | ૨૨૨૦ | ૨૪૦૩ |
| બાજરો | ૩૬૦ | ૭૫૬ |
| જુવાર | ૮૨૫ | ૧૦૫૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૮ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૫૭૦ |
| અડદ | ૭૦૫ | ૧૩૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૪૧ |
| ચણા દેશી | ૯૫૦ | ૧૦૫૧ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૦૫૧ |
| છોલે ચણા | ૧૧૧૧ | ૧૫૪૦ |
| તુવેર | ૮૦૦ | ૧૨૫૨ |
| કપાસ | ૯૩૦ | ૧૫૭૧ |
| એરંડા | ૧૦૯૫ | ૧૩૦૪ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૮૦૬ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૭૦ |
| અજમો | ૧૬૦૦ | ૧૭૫૦ |
| મેથી | ૬૫૦ | ૧૦૨૮ |
| સોયાબીન | ૬૭૬ | ૮૭૫ |
| મરચા લાબા | ૭૯૦ | ૩૫૨૦ |
| કાંગ | ૩૦૨ | ૩૦૨ |

## સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૯૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૯૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | - |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૩ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૬૭ |
| બાજરો | ૩૫૦ | ૬૦૫ |
| મકાઈ | ૩૫૦ | ૫૨૫ |
| અડદ | ૬૫૮ | ૯૨૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૫ |
| તુવેર | ૭૮૬ | ૧૨૦૧ |
| રાય/રાયડો | ૧૬૬૦ | - |
| ધાણા | ૧૩૨૫ | - |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૫ |

## બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ઘઉં લોકવન | ૫૦૭ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૭૧ |
| તલ કાળા | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૫૬૦ | ૧૬૩૫ |
| મેથી | ૮૯૦ | ૮૯૦ |
| કાંગ | ૪૦૦ | ૪૨૦ |
| અડદ | ૭૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૯૦ |
| મગફળી | ૬૩૦ | ૧૦૭૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૦૦૦ |
| શિંગદાણા | ૯૭૧ | ૧૩૨૫ |
| લસણ | ૮૦૦ | ૯૦૫ |

## બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૫૫ | ૧૫૭૨ |
| કપાસ મિડિયમ | ૧૦૦૦ | ૧૨૪૦ |
| મગફળી | ૧૦૧૧ | ૧૩૪૯ |
| તલ સફેદ | ૧૬૮૫ | ૨૦૦૫ |
| તલ કાળા | ૩૨૨૦ | ૪૫૦૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૮૯૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૪ |
| ચણા | ૯૬૦ | ૧૦૭૦ |
| અડદ | ૯૧૫ | ૧૧૯૫ |
| સોયાબીન | ૭૯૫ | ૮૪૫ |

## મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૯૮૫ | ૧૫૭૨ |
| કપાસ સી ગ્રેડ | ૬૫૦ | ૯૬૫ |

## ધારી

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| મગફળી | ૮૮૫ | ૧૧૮૧ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| તલ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| શીંગ દાણા | ૧૦૧૫ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૪૦ | ૮૪૦ |

## ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| મકાઈ | ૩૦૧ | ૫૦૧ |
| મગ | ૧૫૪૧ | ૧૫૪૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૮૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૬૬ |
| શિંગ ફાડા | ૧૦૦૧ | ૧૨૧૬ |
| સફેદ તલ | ૧૪૦૧ | ૨૦૮૬ |
| મેથી | ૫૦૦ | ૮૦૧ |
| જીરૂ | ૩૭૨૧ | ૩૭૨૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૭૭૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૮૧ |

## રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૦૧૧ |
| કપાસ | ૮૦૦ | ૧૬૦૧ |
| બાજરો | ૪૧૨ | ૪૩૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૭ |
| જુવાર | ૬૫૦ | ૮૦૦ |
| મગ | ૫૦૨ | ૩૩૩૩ |
| મઠ | ૭૧૧ | ૭૫૦ |
| અડદ | ૮૨૫ | ૮૨૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૪૦ | ૮૫૧ |

## મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૧૦૨૬ | ૧૩૧૬ |
| શીંગ ૩૯ | ૧૦૦૧ | ૧૨૭૯ |
| શીંગ ગીરનારી | ૧૦૪૦ | ૧૩૦૧ |
| શીંગ જી-૨૦ | ૧૧૦૧ | ૧૩૬૨ |
| જુવાર | ૩૧૧ | ૯૧૫ |
| બાજરી | ૩૫૧ | ૬૨૫ |
| બાજરો | ૮૦૧ | ૮૧૫ |
| ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૩૧ |
| અડદ | ૪૧૦ | ૧૨૦૦ |
| મગ દેશી | ૫૦૧ | ૪૦૦૦ |
| સોયાબીન | ૭૩૧ | ૮૯૯ |
| ચણા | ૯૧૨ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૧૬ |
| કાળા તલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તુવેર | ૩૩૪ | ૧૦૪૦ |
| લસણ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૦૮ |
| ડુંગળી સફેદ | ૧૪૦ | ૨૨૯ |
| ડુંગળી સફેદ બી.૨૨૯ | | ૭૦૬ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૫૩૧ |
| નાળીયેર | ૫૬૦ | ૨૨૦ |

## કોડીનાર

| | | |
|---|---|---|
| કપાસ ડોળાસા | ૧૦૫૧ | ૧૪૦૦ |
| મગફળી ૩૨ | ૧૦૦૧ | ૧૩૫૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૭ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૮૪ |
| જુવાર | ૭૫૦ | ૯૧૭ |
| ચણા | ૮૫૦ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૭૬ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૯ |
| કાંગ | ૪૦૫ | ૫૧૯ |


## જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૫૩૦ | ૮૫૫ |
| બાજરો | ૩૫૦ | ૪૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૭ |
| મગ | ૧૫૦૦ | ૧૮૪૫ |
| અડદ | ૭૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| મગફળી જીણી | ૧૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૮૦૦ |
| તલ | ૭૦૦ | ૨૧૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૬૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૪૦ |
| અજમો | ૧૪૦૦ | ૩૧૦૦ |
| અજમાની ભુકી | ૫૦ | ૨૫૦૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૮૨૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૩૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૮ |

## ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૮૦ | ૧૫૧૯ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૮૦૫ | ૮૦૫ |
| સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |

## શબ્દ સંજોગ-૨૧૨૦



**આડી ચાવી :**
(૧) પગ, પાદ (૨)
(૨) ડહાપણ, ચતુરાઈ(આ-અ) (૪)
(૬) ભાર, વજન (૩)
(૭) એક ફૂલ (૩)
(૯) મધ્ય પ્રદેશનું એક શહેર (૪)
(૧૨) ચક્ષુ, લોચન (૨)
(૧૩) પેટમાંનું મોટુ આંતરડુ (૨)
(૧૫) લશ્કર, ફોજ (૨)
(૧૬) છાપ મારેલો સિક્કો (૨)
(૧૮) પાટીના આકારનો લૂગડાનો ચીરો (૨)
(૧૯) મહાદેવ, ભોળાનાથ (૨)
(૨૦) ઘણા અદાકાર...રોલ સારી રીતે નિભાવે છે (૩)
(૨૨) વિષ, ઝેર (૨)
(૨૩) સંખ્યાની નિશાની (૨)
(૨૪) ભારત મારો............છે (૨)
(૨૫) મોલ, પવિત્ર (૨)
(૨૬) ઉપવાસ (૪)
(૨૭) હઠીલા પણુ (આ-અ) (૪)

**ઉભી ચાવી :**
(૧) પારખવું તે, પરીક્ષા (૩)
(૨) હિજરી સનનો આઠમો મહિનો (૩)
(૩) પ્રતિજ્ઞા, ટેક (૨)
(૪) ખબર, જાણકારી (અ) (૨)
(૫) હઠ, મમત (૨)
(૬) .....કોઈનો સગો નહિ (૨)
(૮) જેને મરડવાથી વહાણ દિશા બદલે છે તે કળ (૩)
(૧૦) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૧૧) .....લાગી હોય તો જમી લો (૨)
(૧૨) ઘડિયા, પાડા (૨)
(૧૪) વળે પણ ભાંગે નહિ તેવું (૪)
(૧૫) મિનિટનો સાઠમો ભાગ (૩)
(૧૬) કજિયો, તકરાર (૨)
(૧૭) એક રંગ (૨)
(૧૮) લાલ, બાલ...... (૨)
(૧૯) દરિયાઈ પ્રાણીનું કોટલું જેને ફૂંકવાથી અવાજ થાય (૨)
(૨૧) ગાજ..... (૩)
(૨૨) તાબે, શરણે (૨)
(૨૩) સંખ્યાની નિશાની (૩)
(૨૪) તાકાત, મગદૂર (૨)
(૨૫).....ના વાંકે પખાલીને ડામ (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૯ જવાબ

**આડી ચાવી:** (૧) પાથરો (૩) સદીસા (૬) થેઈ (૭) કદાપિ (૮) પિન (૯) પાર (૧૦) કામના (૧૨) કરકટી (૧૪) રકમ (૧૬) સાવકું (૧૭) પચક (૧૯) ચડી (૨૧) રતલામ (૨૩) ધનારક (૨૫) સાલ (૨૬) લુંબિની (૨૮) પાની (૨૯) કલશોર (૩૦) લૂ.
**ઉભી ચાવી:** (૧) પાથેય (૨) થઈ (૩) સદા (૪) દીપિકા (૫) તાન (૭) કરક (૮) પિનાક (૯) પારકું (૧૧) મરકત (૧૨) કવડી (૧૩) ટીપ (૧૫) મલમલ (૧૬) સાચકલુ (૧૮) ચરક (૨૦) વિના (૨૨) લાસાની (૨૩) ધની (૨૪) રતલ (૨૭) બિન (૨૮) પાર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**દિલિપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, મુકેશભાઈ સંઘાણી દ્વારા મહેમાનોનું સ્વાગત કરાયું**

# અમર ડેરી ખાતે અમુલના નેતૃત્વ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (અમર ડેરી) ખાતે જી.સી.એમ.એમ.એફ (અમુલ)ના ચેરમેન અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં ઉચ્ચ પદાધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ પ્રતિષ્ઠિત મુલાકાત દરમિયાન જી.સી.એમ.એમ.એફના વાઈસ ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા, અમુલફેડ ડેરીના જનરલ મેનેજર બયાતી, એસ.ઓ.ડી. ગોજીયા તેમજ રાજકોટ દૂધ સંઘ (ગોપાલ ડેરી)ના મેનેજિંગ ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમર ડેરીના સ્થાપક ચેરમેન દિલીપભાઈ સંઘાણીની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવપૂર્ણ બનાવ્યો હતો. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ






સંઘાણી, મેનેજિંગ ડિરેક્ટર ડો. આર.એસ. પટેલ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા જી.એમ. દ્વારા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન અમર ડેરીની વિકાસયાત્રા, આધુનિક પ્રોજેક્ટ્સ, ભવિષ્યની યોજનાઓ તેમજ પશુપાલકોના સર્વાંગી કલ્યાણ માટે હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા યોજાઈ હતી. જી.સી.એમ.એમ.એફના પ્રતિનિધિઓને અમર ડેરી દ્વારા અમલમાં મુકાયેલા નવીન પ્રોજેક્ટ્સ અને ઝડપી પ્રગતિ અંગે માહિતી આપવામાં આવી હતી. આ અવસરે મહેમાનોએ અમર મધ ઉછેર કેન્દ્ર, ઈ.ટી.આઈ.વી.એફ લેબોરેટરી તથા સેન્ટર ઓફ એક્સેલન્સ – ગીર ગાય સંવર્ધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. ઈ.ટી. આઈ.વી.એફ ટેકનોલોજી દ્વારા જન્મેલા સ્વસ્થ બચ્ચાઓ જોઈ મહેમાનો આનંદિત થયા હતા. જી.સી.એમ.એમ.એફના ચેરમેન અશોકભાઈ ચૌધરીએ અમર ડેરીની પશુહિતલક્ષી અને ખેડૂત-કેન્દ્રિત કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે, "અમર ડેરી આજે માત્ર દૂધ સંઘ નહીં પરંતુ અમરેલી જિલ્લાની રોજગારીનું મજબૂત કેન્દ્ર બની છે. સહકારથી સમૃદ્ધિના અમૂલ્ય સિદ્ધાંતને અમર ડેરીએ સાચા અર્થમાં સાકાર કર્યો છે."

# સાવરકુંડલાના મહુવા રોડ પર ગંધાતી ગટરની ગંદકીથી વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા શહેરમાં જે રોડને આઈકોનિક બનાવવાની વાતો ચાલે છે તે મહુવા રોડ પર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાથી એચડીએફસી બેંક સુધીના જાહેર માર્ગ પર ગટરના પાણી ઉભરાતા હોવાથી સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી સ્થિતિ સર્જાઈ છે. અવારનવાર ગટર ભરાવાને કારણે ૫૦થી વધુ વેપારીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે અને જાહેર રોડ પર વહેતા ગંદા પાણી લોકોના આરોગ્ય માટે જોખમકારક સાબિત થઈ રહ્યા છે. આ સમસ્યા સંદર્ભે સ્થાનિક વેપારીઓએ નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર અને સદસ્યોને વારંવાર રજૂઆત કરી છે. ઓનલાઈન 'ઈ-નગર' અને ફરિયાદ નિવારણ નંબર પર જાણ કરવા છતાં તંત્ર દ્વારા માત્ર



ઉપરછલ્લી કામગીરી કરવામાં આવે છે. નગરપાલિકાનું બ્રાઉઝર આવે છે અને પાણી નાખીને ચાલ્યા જાય છે, પરંતુ કાયમી ઉકેલ આવતો નથી. વેપારીઓના જણાવ્યા મુજબ, હજારો રૂપિયાના ખર્ચ કરવા છતાં પરિણામ શૂન્ય છે, જે તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. વેપારીઓની માંગ છે કે નગરપાલિકા તંત્ર આ વિષયના નિષ્ણાંત કર્મચારીઓને સાથે રાખીને યોગ્ય કામગીરી કરે જેથી લોકોને આ ગંદકીથી કાયમી મુક્તિ મળે. આ બાબતે હવે ઉચ્ચ કક્ષાએ પણ લેખિત ફરિયાદો કરવામાં આવી છે.

# ધોરાજીના ફરેણીમાં મનરેગાના ભ્રષ્ટાચાર મુદ્દે સરપંચ અને તલાટી સહિત બે લોકો સામે પોલીસે ગુનો નોંધ્યો

ધોરાજી,તા.૧૯

ધોરાજી તાલુકાના ફરેણી ગામે મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાના મામલે તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. ગોસાઈએ ગામના તત્કાલીન સરપંચ અને તલાટી મંત્રી તેમજ બે કર્મચારીઓ પર ગુનો દાખલ કર્યો હતો. મળતી વિગતો પ્રમાણે ધોરાજી તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા આર.આર. કામરીયાએ ધોરાજી પોલીસ સમક્ષ ફરિયાદ આપી હતી જેના આધારે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

આરોપીમાં ગામના તત્કાલીન સરપંચ સવિતાબેન ભીખાભાઈ રાબડીયા, ફરજ પરના તલાટી મંત્રી એમ.વી. વેકરીયા, રોહિતભાઈ રણછોડભાઈ સરધારા (હાજરી પૂરનાર) અને જગદીશભાઈ બાબુભાઈ રાબડીયા (મસ્ટરમાં હાજરી નોંધનાર) આ ચારેય આરોપી સામે ધોરાજી તાલુકા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. વર્ષ ૨૦૧૦માં આરોપીઓ રાજ્ય સેવક હોય તે છતાં અંદરોઅંદર મેળ મિલાપ કરી મનરેગા યોજનામાં શ્રમિકોની એકથી વધારે કામમાં હાજરી પુરી શ્રમિકોના પોસ્ટ ઓફિસમાં જમા થયેલ નાણા પોતાના અંગત ફાયદા માટે ઉપાડી લઈ નાણાકીય ગેરરીતિ, આર્થિક ગુનાહિત પ્રવૃત્તિ કરી વિશ્વાસઘાત કરેલ હોય આ ચારેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી હતી. આ ગુનાની તપાસ ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજને સોંપવામાં આવી છે. હાલ આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસ તંત્ર દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

**આરોગ્યક્ષેત્રે ભવિષ્યમાં શું શું નવા કાર્યો કરવા જોઈએ તે અંગે ઘનિષ્ઠ ચર્ચા-વિચારણા કરવામાં આવી**

# ટીબી હોસ્પિટલના સંચાલકોની વસંતભાઈ ગજેરા સાથે સુરતમાં શુભેચ્છા મુલાકાત

અમરેલી,તા.૨૦

સ્વામીશ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જિ. ભાવનગર) ના સ્થાપક ટ્રસ્ટી અને વહીવટકર્તા બી.એલ. રાજપરાએ, હોસ્પિટલના મુખ્ય દાતા અને શિક્ષણ તેમજ આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કરી રહેલા અમરેલીના વતની, લક્ષ્મી ડાયમંડના માલિક વસંતભાઈ એચ. ગજેરાના



આમંત્રણથી સુરત ખાતેના તેમના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીનારાયણની વધુ સારી સારવાર કઈ રીતે ઉપલબ્ધ થઈ શકે તેમજ આરોગ્યક્ષેત્રે ભવિષ્યમાં શું શું નવા કાર્યો કરવા જોઈએ તે અંગે રાજપરા અને ગજેરા વચ્ચે ઘનિષ્ઠ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ તકે, હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરા અને ટ્રસ્ટી તુષારભાઈ વીરડીયા (C.A.) દ્વારા પુ. સદગુરૂદેવ લિખિત 'જિજ્ઞાશુ પિયુષ' પુસ્તક અને શાલ અર્પણ કરીને વસંતભાઈ ગજેરાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત આરોગ્ય સેવાના વિસ્તરણ માટે મહત્વપૂર્ણ બની રહી.

**પુ.સદગુરૂદેવ લિખીત "જીજ્ઞાશુ પિયુષ" પુસ્તક અને શાલ અર્પણ કરીને વસંતભાઈનું સન્માન કર્યુ**

# લાઠીના મતિરાળા ગામે રૂ. ૬૮ લાખના ખર્ચે પુલ નિર્માણનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

**પુલનું નિર્માણ થયા બાદ વાહનવ્યવહાર સુગમ બનશે**

લાઠી, તા.૧૯

લાઠી તાલુકાના મતિરાળા ગામમાં વિકાસનું વધુ એક કદમ માંડતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રૂ. ૬૮ લાખના ખર્ચે બનનારા પુલનું વિધિવત્ ખાતમુહૂર્ત કર્યું હતું. મતિરાળા સહિત આસપાસના ગામોને



જોડતા રોડ પર આ પુલ બનતા પરિવહન સુગમ બનશે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન પ્રતિનિધિ હિંમતભાઈ એવીયા, યાર્ડના ચેરમેન દકુભાઈ પડશાળા, પૂર્વ ચેરમેન જગદીશભાઈ વિરમગામા અને અરજણભાઈ વામજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના ઝાંઝરડા પાસે વીજ લાઈનને ટ્રક અડી જતાં આગ લાગી, ટાયરો બળીને ખાખ

રાજુલા, તા.૧૯

રાજુલા નજીક વડલી રોડ પર આવેલ ઝાંઝરડા ગામ પાસે એક ટ્રકમાં આગ લાગવાની ઘટના બનવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ વડલીથી ઝાંઝરડા જવાના રોડ ઉપર રોડનું કામ ચાલુ હતું, તે દરમિયાન ટ્રક ઈલેક્ટ્રીક લાઈનને અડી જતા શોર્ટ સર્કિટ થતા આ ટ્રકમાં આગ લાગી હતી. આ આગ ટાયરના ભાગેથી લાગવાની શરૂ થઈ હતી. આગ લાગતા જ તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તુરંત જ રાજુલા ફાયર વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ફાયરની ટીમ આવે ત્યાં સુધી ગામના લોકો, આગેવાનો તેમજ રસ્તામાં રોડનું



તસવીર : ગોપાલ રાઠોડ

કામ કરતા મજૂરો દ્વારા પાણીથી આગ બુઝાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પરંતુ આગ અતિશય વિકરાળ બની હતી. ઘટના સ્થળે પહોંચતા ફાયરની ટીમ, ગામના લોકો અને સામાજિક આગેવાનોની ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં ટ્રક સહીસલામત રહ્યો હતો પરંતુ ટાયરો સાવ બળીને ખાખ થઈ જવા પામ્યા હતા.

# અમરેલીમાં મતદારયાદી ખાસ સુધારણા કાર્યક્રમની સમીક્ષા માટે રોલ ઓબ્ઝર્વર સંદીપ કુમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

અમરેલી, તા.૧૯

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧.૦૧.૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં જાહેર કરાયેલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ની સમીક્ષા માટે કેન્દ્રીય ચૂંટણી પંચના રોલ ઓબ્ઝર્વર સંદીપ કુમારે અમરેલી જિલ્લાની મુલાકાત લીધી હતી. તેમણે ધારાસભ્ય, રાજકીય



પક્ષોના પ્રતિનિધિઓ અને જિલ્લા ચૂંટણી અધિકારી વિકલ્પ ભારદ્વાજ સાથે બેઠક યોજી હતી. જિલ્લાના પાંચ વિધાનસભા મતવિભાગના કુલ ૧૨,૭૧,૩૭૫ મતદારોના એન્યુમરેશન ફોર્મ વિતરણ કરાયા છે, જેમાંથી ૧૧,૩૨,૮૧૬ ઓનલાઈન ડિજિટાઈઝ થયા છે. જિલ્લામાં ૧,૩૮,૫૫૯ મતદારો A/S/D (ગેરહાજર/સ્થળાંતર/મરણ) હોવાનું જણાયું છે, જેની યાદી જિલ્લા કલેક્ટરની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ઓબ્ઝર્વરએ દરેક મતદારને મતદાન મથકની મુલાકાત લઈ નામની ખાતરી કરવા અને સુધારણા કામગીરીમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.


**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૧૧૨/૨૦૨૫

શ્રી અરવિંદભાઈ પ્રેમજીભાઈ સોજીત્રા
રહે.વાઘણીયા તા.લીલીયા જી.અમરેલી

........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, વાઘણીયા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી અરવિંદભાઈ પ્રેમજીભાઈ સોજીત્રાના પુત્ર કૃણાલ અરવિંદભાઈ સોજીત્રાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૬ના રોજ વાઘણીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૩૫/૨૦૨૫

અરજદાર : શ્રી ચૌહાણ સુખાભાઈ નારણભાઈ
સરનામુ : મું.ચારોડીયા તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લોઠપુર
મું.લોઠપુર તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના ચારોડીયા** ગામના **શ્રી ચૌહાણ સુખાભાઈ નારણભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી રાકેશ સુખાભાઈ ચૌહાણ નો જન્મ** તા.૨૭/૦૧/૨૦૦૮ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.વી.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૩૩૪/૨૦૨૫

અરજદાર : શ્રી ઘનાભાઈ પુનાભાઈ મકવાણા
સરનામુ : મું.સમઢીયાળા નં.૧ તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાઠી કમ મંત્રીશ્રી - હેમાળ
મું.હેમાળ તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના સમઢીયાળા નં.૧** ગામના **શ્રી ઘનાભાઈ પુનાભાઈ મકવાણા** એ તેમના **પુત્રી નામે શ્રી દક્ષાબેન ઘનાભાઈ મકવાણા નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એન.વી.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૭ માહે. ડીસેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૭/૧૨/૨૦૨૫**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૧૧૧/૨૦૨૫

શ્રી અરવિંદભાઈ પ્રેમજીભાઈ સોજીત્રા
રહે.વાઘણીયા તા.લીલીયા જી.અમરેલી

........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, વાઘણીયા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી અરવિંદભાઈ પ્રેમજીભાઈ સોજીત્રાના પુત્ર મેહુલ અરવિંદભાઈ સોજીત્રાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૫ના રોજ વાઘણીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

# સૌથી વધુ લાઈક કરાયેલ ટ્વીટ્સની યાદીમાં પીએમ મોદી ટોચ પર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) એ તાજેતરમાં એક નવું ફીચર રજૂ કર્યું છે જે દર મહિને દેશમાં સૌથી વધુ પસંદ કરાયેલા ટ્વીટ્સની સૂચિ દર્શાવે છે. વડાપ્રધઆન મોદીની લોકપ્રિયતા અહીં પણ ચાલુ છે. દેશ અને વિશ્વના સૌથી લોકપ્રિય રાજકીય વ્યક્તિઓમાંના એક, નરેન્દ્ર મોદી, ભારતમાં સૌથી વધુ પસંદ કરાયેલા ટ્વીટ્સ ધરાવે છે. ટ્વિટરે છેલ્લા ૩૦ દિવસમાં સૌથી વધુ લાઈક કરાયેલા ટ્વીટ્સની યાદી બહાર પાડી છે, જેમાં ટોચના ૧૦ ટ્વીટ્સમાંથી આઠ પીએમ મોદીના હતા. દેશના અન્ય કોઈ નેતા દ્વારા કરવામાં આવેલા ટ્વીટ્સ આ યાદીમાં સામેલ નથી.



છેલ્લા ૩૦ દિવસમાં ભારતમાં એકસના સૌથી વધુ લાઈક કરાયેલા ટ્વીટ્સમાં, જે ટ્વીટમાં પીએમ મોદીએ રશિયન ભાષામાં લખેલી ગીતાની નકલ રશિયન રાષ્ટ્રપતિ પુતિનને ભેટ આપી હતી, તેને સૌથી વધુ લાઈક્સ મળી છે. આ ટ્વીટને ૨.૩ મિલિયનથી વધુ વપરાશકર્તાઓ દ્વારા લાઈક કરવામાં આવી છે. તેની પહોંચ ૬.૭ મિલિયન સુધી પહોંચી ગઈ છે અને તેને લગભગ ૨૯,૦૦૦ લોકોએ રીટ્વીટ કરી છે.

એકસએ તાજેતરમાં એક સુવિધા શરૂ કરી છે જે માસિક સૌથી વધુ લાઈક કરાયેલા ટ્વીટ્સ વિશે માહિતી પ્રદાન કરે છે. આ સુવિધા વપરાશકર્તાઓને તે દેશમાં સૌથી વધુ લાઈક કરાયેલા ટ્વીટ્સ બતાવે છે.

# દિલ્હીના પ્રદૂષણને ઘટાડવા વહીવટીતંત્રના અનેક પ્રયાસો છતાં AQI ૪૦૦ને પાર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પ્રદૂષણ ઘટવાના કોઈ સંકેત દેખાતા નથી. શુક્રવારે (૧૯ ડિસેમ્બર) પણ દિલ્હીનો એકયુઆઈ ૪૦૦ થી ઉપર રહ્યો, જે ગંભીર માનવામાં આવે છે. દિલ્હીના પ્રદૂષણને ઘટાડવા માટે વહીવટીતંત્ર અનેક પ્રયાસો કરી રહ્યું છે, પરંતુ આ પ્રયાસો હજુ સુધી સફળ થયા નથી. શુક્રવારે સવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ધુમ્મસનું જાડું સ્તર છવાઈ ગયું હતું. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આનંદ વિહારનો એકયુઆઈ ૪૪૨ હતો, જેને "ગંભીર" તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે. આઈટીઓમાં એકયુઆઈ પણ ૪૦૯ પર પહોંચી ગયો.

આજે વહેલી સવારે દિલ્હીના ઘણા વિસ્તારોમાં શૂન્ય દૃશ્યતા જોવા મળી હતી. આનાથી હવાઈ અને રેલ મુસાફરી પર અસર પડી છે. ઘણી ફ્લાઈટ્સ અને ટ્રેનો છ થી



સાત કલાકના વિલંબ સાથે ચાલી રહી છે. આજે પણ પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં છે. દિલ્હીનો એકંદર એકયુઆઈ ૩૮૯ છે. આજે વહેલી સવારે દિલ્હીના પાલમ એરપોર્ટ અને આઈડીઆઈ એરપોર્ટ પર દૃશ્યતા શૂન્ય હતી. ધુમ્મસને કારણે બધું ધુમ્મસવાળું હતું. આને કારણે, સ્પાઈસજેટની એક ફ્લાઈટ રદ કરવામાં આવી હતી.

શુક્રવારે, રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક ભાગોમાં ધુમ્મસ અને ધુમ્મસનું જાડું સ્તર છવાઈ ગયું હતું, જેના કારણે વહેલી સવારના સમયે દૃશ્યતા ઓછી થઈ ગઈ હતી અને તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

# હિજાબ મુદ્દે મુસ્લિમ સંગઠનોએ નિતીશકુમાર પાસે માફીની માંગ કરી

મુંબઈ,તા.૧૯

બિહારમાં નિમણૂક પત્રોના વિતરણ દરમિયાન આયુષ ડોક્ટર નુસરત પરવીન દ્વારા હિજાબ ઉતારવાનો મુદ્દો જોર પકડી રહ્યો છે. વિરોધ પક્ષો અને મુસ્લિમ સંગઠનો સતત બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર નિશાન સાધી રહ્યા છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ઈકરા હસને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની આકરી ટીકા કરી, આ કૃત્યને અપમાનજનક ગણાવ્યું અને તેમની પાસેથી જાહેર માફી માંગવાની માંગ કરી હતી.

આ દરમિયાન, એઆઈએમઆઈએમ ના રાષ્ટ્રીય પ્રવક્તા વારિસ પઠાણે હિજાબ અને બુરખાને મુસ્લિમ મહિલાઓના સન્માન, ગરિમા અને આદરના પ્રતીકો ગણાવ્યા. તેમણે નીતિશ કુમાર પાસેથી બિનશરતી માફીની માંગ કરી હતી. આ દરમિયાન, મુસ્લિમ સમુદાયે નીતિશ કુમાર વિરુદ્ધ મહારાષ્ટ્ર લઘુમતી આયોગમાં ફરિયાદ નોંધાવી છે.

# રાહુલ ગાંધી દ્વારા 'વિકસિત ભારત - જી રામ જી' બિલની વિરુધ્ધમાં રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવાશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૯

વિકસિત ભારત-જી રામ જી બિલ બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું છે. હવે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આ અંગે એક નિવેદન બહાર પાડ્યું છે. સંસદે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) ને બદલવા માટે "વિકસિત ભારત - જી રામ જી બિલ" પસાર કર્યા પછી, રાહુલ ગાંધીએ કહ્યું કે આ પ્રસ્તાવિત કાયદો રાજ્ય અને ગામડાઓ વિરુદ્ધ છે. સરકારને તેને પાછો ખેંચવા માટે દબાણ કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવવામાં આવશે.

સંસદે ગુરુવારે "વિકસિત ભારત - જી રામ જી બિલ, ૨૦૨૫" ને મંજૂરી આપી. આ બિલ પહેલા દિવસે લોકસભામાં અને મોડી રાત્રે રાજ્યસભામાં



પસાર થયું. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ "એકસ," પર પોસ્ટ કર્યું, "ગઈકાલે રાત્રે, મોદી સરકારે એક જ દિવસમાં વીસ વર્ષના મનરેગાનો નાશ કર્યો. જી રામ જી બિલ મનરેગાનું "પુનઃગઠન" નથી. તે અધિકારો આધારિત, માંગ-આધારિત ગેરંટીને નાબૂદ કરે છે અને તેને દિલ્હીથી નિયંત્રિત મર્યાદિત યોજનામાં ફેરવે છે."

તેમણે આરોપ લગાવ્યો કે આ બિલનું માળખું જ રાજ્ય વિરોધી અને ગામ વિરોધી છે.

# કિંગફિશર એરલાઈન્સના ભૂતપૂર્વ કર્મચારીઓને ૩૧૧ કરોડ ચુકવવાની ઈડીએ મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૧૯

કિંગફિશર એરલાઈન્સના ભૂતપૂર્વ કર્મચારીઓ માટે રાહતના મોટા સમાચાર છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ કિંગફિશર એરલાઈન્સ લિમિટેડના કર્મચારીઓને તેમના લાંબા સમયથી બાકી રહેલા પગાર અને અન્ય લાભો માટે ૩૧૧.૬૭ કરોડ (આશરે ૧.૨ બિલિયન) ની ચુકવણીને મંજૂરી આપી છે. આ રકમ હવે અધિકારીઓ દ્વારા ભૂતપૂર્વ કર્મચારીઓને વહેંચવામાં આવશે. આ નિર્ણય ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ડેટ રિકવરી ટ્રિબ્યુનલ ચે૨ાઈના આદેશથી આવ્યો છે. આ આદેશમાં જણાવાયું હતું કે ED દ્વારા અગાઉ સ્થગિત કરાયેલા શેરના વેચાણમાંથી મળેલી રકમ હવે મુક્ત કરવી જોઈએ. આ શેર અગાઉ પીએમએલએ હેઠળ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને પરત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઈડીએ આ પૈસા સત્તાવાર લિક્વિડેટરના ખાતામાં ટ્રાન્સફર કર્યા જેથી તે કિંગફિશર એરલાઈન્સના ભૂતપૂર્વ કર્મચારીઓને તેમના બાકી લેણાં માટે ચૂકવણી તરીકે વિતરિત કરી શકાય.

# ટીએમસીના ભૂતપૂર્વ મંત્રી મદન મિત્રાનો બફાટ 'ભગવાન રામ મુસ્લિમ હતા'

(એચ.એસ.એલ),કોલકાતા,તા.૧૯

બંગાળમાં શાસક ટીએમસીના વરિષ્ઠ ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી, મદન મિત્રાએ કથિત રીતે ભગવાન રામ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે, જેનાથી વિવાદ થયો છે. તેમના ભાષણની એક ક્લિપ ઈન્ટરનેટ મીડિયા પર ફરતી થઈ છે, જેમાં ટીએમસી ધારાસભ્ય દાવો કરે છે કે ભગવાન રામ મુસ્લિમ હતા. તેમના નિવેદનથી ભાજપ ગુસ્સે થયો છે.

બંગાળ ભાજપે તેના એકસ હેન્ડલ પર ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના કમરહાટીના ધારાસભ્ય મદન મિત્રાના ભાષણનો વીડિયો શેર કર્યો, તેને હિન્દુ ભાવનાઓનું અપમાન ગણાવ્યું. વીડિયોમાં, મિત્રા એક જાહેર સભામાં ભગવાન રામ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી



કરતા સાંભળી શકાય છે. જોકે, દૈનિક જાગરણ દ્વારા વીડિયોની સત્યતાની ચકાસણી કરવામાં આવી નથી.

રાજ્ય ભાજપે X પર વીડિયો શેર કરીને લખ્યું, "આ આપણી સંસ્કૃતિ અને ઈતિહાસનું સતત અપમાન છે. આ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને સ્પષ્ટ સંદેશ છે કે ટીએમસી સૌથી 'હિન્દુ વિરોધી' પક્ષ છે, અને તેથી તેમની માન્યતાઓનું પ્રતિનિધિત્વ કરે છે." ભાજપે ટીએમસીને મિત્રા સામે કાર્યવાહી કરવા પડકાર ફેંક્યો છે.

# જે લોકો આજે પોતાને હિન્દુ નથી માનતા તેઓ પણ હિન્દુ પૂર્વજોના વંશજ : મોહન ભાગવત

કોલકતા,તા.૧૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત પશ્ચિમ બંગાળમાં છે. તેમણે રાજ્યની રાજધાની સિલિગુડીમાં એક યુવા સંમેલનને સંબોધિત કર્યું. કાર્યક્રમને સંબોધિત કરતા મોહન ભાગવતે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે જે લોકો આજે પોતાને હિન્દુ નથી માનતા તેઓ પણ હિન્દુ પૂર્વજોના વંશજ છે. પૂજા અને ખાવાની આદતો અલગ અલગ હોઈ શકે છે, પરંતુ આપણે એક રાષ્ટ્ર અને એક સંસ્કૃતિનો ભાગ છીએ. જેની પાસે ભારત પ્રત્યે ભક્તિનો અભાવ છે તે હિન્દુ ન હોઈ શકે. આપણી અનોખી પરંપરા, જે તમામ પ્રકારની વિવિધતાનો આદર કરે છે, તે આપણી "હિન્દુ સંસ્કૃતિ" છે. યુવા સંમેલનમાં સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે કહ્યું, "આપણે ભવિષ્યની જવાબદારી સ્વેચ્છાએ લઈએ કે ન લઈએ, તે




અનિવાર્યપણે યુવાનોના ખભા પર આવશે. જો આપણે ફક્ત પોતાના માટે જ કામ કરીશું, તો શું હું અને મારો પરિવાર સુરક્ષિત રહીશું? જ્યારે પણ દેશ સંકટનો સામનો કરી રહ્યો છે, ત્યારે સમાજ જાગૃત થયો છે. આ ઈતિહાસ વારંવાર પુનરાવર્તિત થયો છે, શક, હુણ, મુઘલ, પઠાણ અને છેવટે, અંગ્રેજોથી." સિલીગુડીમાં એક યુવા સંમેલનમાં, આરએસએસ સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે કહ્યું, "સમાજમાં પ્રવર્તતા ભેદભાવ અને સંકુચિત સ્વાર્થને દૂર કરવાના ઉદ્દેશ્યથી સમાજ સુધારણા ચળવળો શરૂ થઈ હતી.

# બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળતા ભારતીય નાગરિકોને મુસાફરી ટાળવા એડવાઈઝરી જાહેર

નવીદિલ્હી,તા.૧૯

શેખ હસીના વિરોધી નેતા શરીફ ઉસ્માન હાદીના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી છે. દરમિયાન, ઢાકામાં ભારતીય હાઈ કમિશને ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશમાં રહેતા



ભારતીયોએ બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું જોઈએ અને સ્થાનિક માધ્યમો દ્વારા મુસાફરી કરવાનું ટાળવું જોઈએ. બાંગ્લાદેશમાં પ્રદર્શનકારીઓએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે હાદી પર હુમલો કર્યા પછી હુમલાખોરો ભારત ભાગી ગયા છે. પરિણામે, ભારતીય નાગરિકો માટે બાંગ્લાદેશમાં પરિસ્થિતિ અત્યંત અનિશ્ચિત છે.

# પાકિસ્તાનમાં ગર્ભનિરોધક પર ૧૮ ટકા જનરલ સેલ્સ ટેક્સ નાબૂદ કરવાનો આઈએમએફનો ઈનકાર

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૧૯

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે પાકિસ્તાનને એક એવો ફટકો આપ્યો છે જે તેની વસ્તીને વધુ અનિયંત્રિત બનાવી શકે છે. વધતી વસ્તી પહેલાથી જ પાકિસ્તાન માટે બોજ બની ગઈ છે. હવે,આઈએમએફના કરંટથી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને આઘાત લાગ્યો છે. તેઓ તેમના દેશમાં કોન્ડોમ અને ગર્ભનિરોધક ગોળીઓના ભાવ ઘટાડવામાં અસમર્થ રહ્યા છે. આનાથી પાકિસ્તાનમાં વસ્તી વિસ્ફોટ અને પરિણામે ભૂખમરાની આશંકા વધી છે. પાકિસ્તાનમાં પહેલાથી જ વિશ્વમાં સૌથી વધુ વસ્તી વૃદ્ધિ દર છે. પાકિસ્તાની મીડિયા અનુસાર, વડાપ્રધાન શાહબાઝ શરીફના સ્પષ્ટ નિર્દેશો છતાં, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે ગર્ભનિરોધક પર ૧૮ ટકા જનરલ સેલ્સ ટેક્સ તાત્કાલિક નાબૂદ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે.

# આજે ટી-૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત થશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૯

આગામી વર્ષના ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત આજે શનિવારે કરવામાં આવશે. પુરુષ પસંદગી સમિતિ ન્યુઝીલેન્ડ સામેની ટી ૨૦ શ્રેણી માટે ટીમની પણ જાહેરાત કરશે. મુખ્ય પસંદગીકાર અજિત અગરકર અને ટી ૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ બપોરે ૧:૩૦ વાગ્યે



પ્રેસ કોન્ફરન્સ કરશે. ટી ૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકા દ્વારા યોજાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની વરિષ્ઠ રાષ્ટ્રીય પસંદગી સમિતિ બોર્ડના મુખ્યાલય ખાતે મળશે, ત્યારબાદ ભારતીય ટી ૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને મુખ્ય પસંદગીકાર અગરકર હાજરી આપશે અને પ્રેસ કોન્ફરન્સ કરશે. ભારતીય ટીમ શુક્રવારે અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામે પાંચ મેચની ટી ૨૦ શ્રેણીની અંતિમ મેચ રમશે.

# ટી-૨૦ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને જીતવા માટે ૨૩૨ રનનો આપ્યો લક્ષ્યાંક

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચમી અને અંતિમ ટી-૨૦ મેચ રમાઈ હતી, જેમાં ભારતે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૩૧ રન બનાવીને દક્ષિણ આફ્રિકાને ૨૩૨ રનનો વિશાળ લક્ષ્યાંક આપ્યો હતો. ભારત તરફથી તિલક વર્માએ ૪૨ બોલમાં ૭૩ રન અને હાર્દિક પંડ્યાએ ૨૫ બોલમાં ૬૩ રનની ધમાકેદાર



ઈનિંગ્સ રમી. પંડ્યાએ માત્ર ૧૬ બોલમાં ફિફ્ટી પૂરી કરી, જે યુવરાજ સિંહ (૧૨ બોલ) પછી ભારત તરફથી બીજી સૌથી ઝડપી અડધી સદી છે. તિલક અને હાર્દિકે ચોથી વિકેટ માટે ૪૪ બોલમાં ૧૦૪ રનની ભાગીદારી નોંધાવી હતી. આ લખાય છે ત્યારે જવાબમાં, દક્ષિણ આફ્રિકાએ ૧૧.૩ ઓવરમાં ૩ વિકેટના નુકસાને ૧૨૪ રન બનાવ્યા છે. હાલમાં ડેવિડ મિલર અને એડન માર્કરમ ક્રિઝ પર છે. ઓપનર ક્વિન્ટન ડી કોકે ૩૦ બોલમાં પોતાની બીજી ફિફ્ટી પૂરી કરી. રીઝા હેન્ડ્રિક્સ (૧૩ રન) વરુણ ચક્રવર્તીનો શિકાર બન્યો હતો.

# બાંગ્લાદેશમાં ફાટી નીકળેલી હિંસાને દેશની લોકશાહી પર ખતરો ગણાવતી યુનુસ સરકાર

(એચ.એસ.એલ),ઢાકા,તા.૧૯

મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકારે શુક્રવારે દેશમાં ચાલી રહેલી હિંસા અને અશાંતિ પર પોતાની પહેલી પ્રતિક્રિયા જારી કરી, નાગરિકોને ટોળાની હિંસાના કૃત્યોનો વિરોધ કરવા વિનંતી કરી. સરકારે જણાવ્યું હતું કે તે "સખત અને સ્પષ્ટપણે" તમામ પ્રકારની હિંસા, ધાકધમકી, આગચંપી અને સંપત્તિના વિનાશની નિંદા કરે છે. બાંગ્લાદેશની યુનુસ સરકારે ચેતવણી આપી હતી કે આવા કૃત્યો દેશની લોકશાહી પ્રક્રિયાને પાટા પરથી ઉતારવાનો ભય રાખે છે. "અમે હિંસા, ધાકધમકી, આગચંપી અને સંપત્તિના વિનાશના તમામ કૃત્યોની સખત અને સ્પષ્ટપણે નિંદા કરીએ છીએ," વચગાળાની સરકારે કહ્યું.

યુનુસ સરકારે બાંગ્લાદેશના તમામ નાગરિકોને ટોળાની હિંસાના તમામ સ્વરૂપોનો



વિરોધ કરવા વિનંતી કરી, જેને તેણે કેટલાક અસામાજિક તત્વો દ્વારા આચરવામાં આવી રહ્યા હોવાનું વર્ણવ્યું. સરકારે કહ્યું, "આ આપણા દેશના ઈતિહાસમાં એક વળાંક છે. આપણે અરાજકતા ફેલાવનારા અને શાંતિનો ઈનકાર કરનારા થોડા લોકો દ્વારા તેને પાટા પરથી ઉતારવા દઈ શકતા નથી." વધુમાં કહ્યું, "આ વચન તે સ્વપ્રથી અવિભાજ્ય છે જેના માટે શહીદ શરીફ ઉસ્માન હાદીએ પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. તેમના બલિદાનને માન આપવા માટે સંયમ, જવાબદારી અને નફરતને નકારવાની દ્રઢ પ્રતિબદ્ધતાની જરૂર છે."

**આવતીકાલથી ફરી ઠંડી બોકાસો બોલાવશે તેવી હવામાન વિભાગની આગાહી**

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યમાં ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. આનાથી વહેલી સવારે અને મોડી રાત્રે અનુભવાતી કડકડતી ઠંડીમાં આંશિક રાહત મળી છે. મહત્તમ તાપમાન ૩૨થી ૩૪ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં વધુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અમરેલીમાં સૌથી નીચું લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી



સેલ્સિયસ નોંધાયું છે. જોકે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો છે. આગામી દિવસોમાં પણ આ સિસ્ટમની અસર રહેવાની શક્યતા છે, પરંતુ ૨૦ ડિસેમ્બર પછી ઠંડીનું પ્રમાણ ફરી વધશે તેવું અનુમાન છે. ડીસામાં ૧૨.૯ ડિગ્રી, નલિયામાં ૧૩.૮ ડિગ્રી, કંડલામાં ૧૫.૩ ડિગ્રી, અમદાવાદમાં ૧૫.૪ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી, વડોદરામાં ૧૩.૨ ડિગ્રી, ભુજમાં ૧૫.૨ ડિગ્રી, ભાવનગરમાં ૧૫.૬ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૫ ડિગ્રી, મહુવામાં ૧૫.૧ ડિગ્રી, દમણમાં ૧૭.૨ ડિગ્રી, પોરબંદરમાં ૧૭.૨ ડિગ્રી, રાજકોટમાં ૧૬.૯ ડિગ્રી અને કેશોદમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મધ્ય ગુજરાતના મુખ્ય શહેરો અમદાવાદ અને ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો હજુ યથાવત છે, પરંતુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે તાપમાનમાં વધારો થયો છે.

**બીએલઓની કામગીરી દરમિયાન રાજ્યમાં ૪.૩૪ કરોડ નામ નોંધાયા**

# મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ પૂર્ણ: રાજ્યમાંથી ૭૩.૭૩ લાખ નામ રદ

ગાંધીનગર,તા.૧૯

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી હતી. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશ સતત દોઢ માસ સુધી હાથ ધરવામાં આવી હતી. હવે જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ૧૯ ડિસેમ્બરે રાજ્ય ચૂંટણી પંચ ડ્રાફ્ટ મતદાર યાદી સત્તાવાર વેબસાઈટ http://ceo.gujarat.gov.in પર જાહેર કરાઈ છે. ૪.૩૪ કરોડ મતદારો નોંધાયા છે અને ૭૩.૭૩ લાખ મતદારોના નામ કપાયા છે. ત્યારે આ ડ્રાફ્ટ મતદાર યાદીમાં જે કોઈ મતદારનું નામ ન હોય તો તેઓ વાંધો રજૂ કરી શકશે. મતદાર ૧૮મી જાન્યુઆરી સુધી એક મહિનાના સમયમાં વાંધો રજૂ કરી શકશે. મતદાર પોતાનું નામ ચકાસી શકે છે. તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે. ત્યારબાદ તા.૧૦મી ફેબ્રુઆરી,૨૦૨૬ સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે. નિયત સમયમર્યાદામાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદારો પૈકી ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા છે. આ તમામ ગણતરી ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઈઝેશન કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારોમાં મહાનગરપાલિકા, નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓને પણ જોડવામાં આવ્યાં હતા. ભારતના ચૂંટણી પંચ દ્વારા SIR માં સહયોગ માટે રાજ્યની તમામ મહાનગરપાલિકાઓના કમિશનરોને પણ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# વડોદરામાં રહેણાંક મકાનમાં દેહ વ્યાપાર કરતી ૧૦ યુવતીઓ ઝડપાઈ

વડોદરા,તા.૧૯

વડોદરા શહેર પોલીસના એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટને મળેલી વિગતો મુજબ વાઘોડિયા રોડ પર વૈંકુઠ ચાર રસ્તા પાસે સનરાઈઝ ટાવરમાં ચંદ્રિકાબેન ઉર્ફે રીટા બાબુભાઈ શાહ નામની મહિલા બહારથી યુવતીઓને બોલાવીને પોતાના મકાનમાં રાખીને દેહ વ્યાપારનો ધંધો કરાવતી હોવાની બાતમી મળી હતી. આ વિગતોના આધારે પોલીસે દરોડો પાડતા આ આખો મામલો સામે આવ્યો છે. આ દરોડામાં ત્યાંથી અગિયાર યુવતીઓ સાથે બે સહ આરોપીઓ મળી આવ્યા હતા. રીટા યુવતીઓને રાખી યુવતી દીઠ ૧૦૦૦થી ૧૫૦૦ના ભાવે દેહ વ્યાપારનો ધંધો કરતી હોવાનું પણ સામે આવ્યું છે. તે યુવતીઓને ટાવરના અલગ-અલગ ફલેટમાં રાખી દેહ વ્યાપારનો વેપાર કરાવી ગ્રાહક યુવતીના રૂમમાં જાય ત્યારબાદ બહારથી તાળું મારી દેવામાં આવતું હોવાનું પણ સામે આવ્યું છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી ડમી ગ્રાહક મોકલ્યો હતો. ડમી ગ્રાહકને યુવતીના રૂમમાં મોકલી બહારથી તાળું મારવામાં આવતાં પોલીસે તાત્કાલિક તાળું તોડી રૂમમાં પ્રવેશ કર્યો હતો. ત્યાં એક યુવાન અને યુવતી મળી આવ્યા હતા. બંગાળની યુવતી સહિત ડમી ગ્રાહક સાથે ૧૦ યુવતીઓ અર્ધનગ્ન હાલતમાં મળી આવી હતી. પોલીસને તપાસમાં એક ચોંકાવનારી બાબત પણ નજરે આવી હતી. બીજા માળે આવેલા મકાન નં. ૨૦૪ અને ૨૦૫ ચંદ્રિકાના હોવાનું જાણવા મળ્યું હતું. મકાન નં. ૨૦૪નું તાળું તોડી તપાસ કરતા ભોંયરૂ મળી આવ્યું હતું, જેમાંથી પહેલા માળની દુકાનમાં બહાર નીકળવાની વ્યવસ્થા હતી. આ રસ્તેથી ચંદ્રિકા અને અન્ય યુવતીઓ ફરાર થઈ ગઈ હોવાનું પોલીસનું અનુમાન છે. આ અંગે હાલ તપાસ ચાલી રહી છે.

# સુરત ગ્રામ્ય પીઆઈના કહેવાથી લાંચ લેતા વકીલને એસીબીએ ઝડપી પાડ્યો

સુરત,તા.૧૯

હનીટ્રેપ તથા પોલીસની ખોટી ઓળખ તથા બળજબરીથી પૈસા કઢાવી લેવાના ગુનામાં ઝડપથી જામીન આપવા સુરત ગ્રામ્યના કીમ પોલીસ સ્ટેશનના પીઆઈ પ્રવીણસિંહ હરનાથસિંહ જાડેજાના કહેવાથી રૂ.૩,૦૦,૦૦૦ ની લાંચ લેતા વકીલ ચિરાગ રમણીકભાઈ ગોંડલીયાની એન્ટી કરપ્શન બ્યુરોએ ધરપકડ કરી હતી.

આ કેસની વિગત મુજબ ફરિયાદીના ભાઈ પર કીમ પોલીસ સ્ટેશન સુરત ગ્રામ્ય ખાતે હનીટ્રેપ તથા ખોટી પોલીસની ઓળખ તથા બળજબરીથી પૈસા કઢાવી લેવા અંગેનો ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં ફરિયાદીના ભાઈને ગુનામાં ગુજસીટોકની કલમનો ઉમેરો ન કરવા તેમજ કલમો ઘટાડવા માટે તેમજ ઝડપી જામીન આપવા સારું આરોપી ચિરાગ ગોંડલીયા મારફતે આરોપી પ્રવિણસિંહ જાડેજાએ રૂ.૧૦,૦૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. બાદમાં રકઝકના અંતે રૂ.૩,૦૦,૦૦૦ લેવાનું નક્કી થયું હતું. જે લાંચની રકમ ફરિયાદી આપવા માગતા ન હોય, અમદાવાદ શહેર ACB પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપી હતી.

# રાજકોટની ઈન્ડિયન બેન્કમાં ગોલ્ડ લોન માટે ગીરવે મુકેલા દાગીના ગાયબ, ૯ મહિના બાદ ફરિયાદ

રાજકોટ,તા.૧૯

રાજકોટની ઈન્ડિયન બેંકની ગોંડલ રોડ બ્રાન્ચમાં ગોલ્ડ લોન માટે ગીરવે મૂકેલા સોનાના દાગીના ગાયબ થવાની ગંભીર ઘટના સામે આવી છે. બેંકના સેફ ડિપોઝિટ/સ્ટ્રોંગરૂમમાંથી બે પાઉચ ગાયબ થયા હોવાનું ગત ૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ ઈન્સ્પેક્શન દરમિયાન ખુલ્યું હતું. આ મામલે ૯ મહિના બાદ બેંક તરફથી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.




બેંકના આસિસ્ટન્ટ જનરલ મેનેજર ઘનશ્યામકુમાર ઝા દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. ફરિયાદમાં તત્કાલીન આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર શ્રુતિ મેશરામ અને તત્કાલીન આસિસ્ટન્ટ મેનેજર વિષ્ણુ ઈલાયથ વિરુદ્ધ આરોપ મૂકવામાં આવ્યા છે. આ કેસ શાહ દંપતીનો છે, જેમણે ગોલ્ડ લોન લેવા માટે આશરે કુલ કિંમત ૬૪,૨૯,૬૦૦ રૂપિયાના સોનાના દાગીના બેંકમાં ગીરવે મૂક્યા હતા. આ દાગીના બે પાઉચમાં હતા, જે હવે ગાયબ છે. આ ઘટનાથી બેંકિંગ સુરક્ષા પર સવાલો ઉભા થયા છે અને ગ્રાહકોમાં ચિંતા વ્યાપી છે. પોલીસે તપાસ શરૂ કરી છે.




॥ દુઃખદ અવસાન - બેસણું ॥

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા,
મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઊર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા
આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સ્વ. પ્રિયમ ભાવેશભાઈ બોરડ**

જન્મ તારીખ : ૧૩-૦૯-૨૦૦૭ • સ્વર્ગવાસ તારીખ : ૧૭-૧૨-૨૦૨૫

**બેસણું**

તા. ૨૧-૧૨-૨૦૨૫ ને રવિવાર | સમય : સવારે ૮-૦૦ થી સાંજના ૪-૦૦ કલાકે.

સ્થળ : નિવાસસ્થાન, મોટા માંડવડા, તા.જિ.-અમરેલી.

Mo. No. 9825074225 / 76872 43421

મધુભાઈ રાઘવભાઈ બોરડ — ભાવેશભાઈ મધુભાઈ બોરડ
સવિતાબેન મધુભાઈ બોરડ — માધુરીબેન ભાવેશભાઈ બોરડ
ક્રિના ભાવેશભાઈ બોરડ

સ્વ. લવજીભાઈ પ્રેમજીભાઈ બોરડ
સ્વ. ગોકળભાઈ લવજીભાઈ બોરડ — સ્વ. રાઘવભાઈ લવજીભાઈ બોરડ
સ્વ. ગોવિંદભાઈ લવજીભાઈ બોરડ — સ્વ. ડુંગરભાઈ લવજીભાઈ બોરડ

ભગવાનભાઈ રાઘવભાઈ બોરડ
સ્વ. શંભુભાઈ રાઘવભાઈ બોરડ
પોલાભાઈ રાઘવભાઈ બોરડ
ધીરૂભાઈ રાઘવભાઈ બોરડ
પરશોત્તમભાઈ રાઘવભાઈ બોરડ
મધુભાઈ રાઘવભાઈ બોરડ
વિનુભાઈ રાઘવભાઈ બોરડ
ભાનુભાઈ રાઘવભાઈ બોરડ

બાબુભાઈ ગોકળભાઈ બોરડ
બાલુભાઈ ગોવિંદભાઈ બોરડ
પુનાભાઈ ડુંગરભાઈ બોરડ
સ્વ. ચતુરભાઈ ડુંગરભાઈ બોરડ
રવજીભાઈ ગોવિંદભાઈ બોરડ
રમેશભાઈ ડુંગરભાઈ બોરડ
હિંમતભાઈ ગોવિંદભાઈ બોરડ
અશોકભાઈ ડુંગરભાઈ બોરડ

પ્રફુલભાઈ ભગવાનભાઈ બોરડ
પ્રવિણભાઈ શંભુભાઈ બોરડ
રાજેશભાઈ શંભુભાઈ બોરડ
અશ્વિનભાઈ શંભુભાઈ બોરડ
પ્રકાશભાઈ પોલાભાઈ બોરડ
ભાવેશભાઈ મધુભાઈ બોરડ
ભદ્રેશભાઈ ધીરૂભાઈ બોરડ
ધર્મેશભાઈ પરશોત્તમભાઈ બોરડ
આશિષભાઈ પરશોત્તમભાઈ બોરડ
હૈનિષ ભાનુભાઈ બોરડ

ઘનશ્યામભાઈ ચતુરભાઈ બોરડ
નરેશભાઈ બાબુભાઈ બોરડ
મહેશભાઈ બાલુભાઈ બોરડ
ભરતભાઈ પુનાભાઈ બોરડ
રાજેશભાઈ રવજીભાઈ બોરડ
સુરેશભાઈ રમેશભાઈ બોરડ
હર્ષિલ વિનુભાઈ બોરડ
ધ્રુમિલ વિનુભાઈ બોરડ
નિરવ પ્રફુલભાઈ બોરડ
મિહીર પ્રફુલભાઈ બોરડ

ગીરીશભાઈ પુનાભાઈ બોરડ
અરૂણભાઈ રમેશભાઈ બોરડ
કલ્પેશભાઈ બાલુભાઈ બોરડ
મનોજભાઈ ચતુરભાઈ બોરડ
પિયુષભાઈ હિંમતભાઈ બોરડ
મનિષભાઈ રમેશભાઈ બોરડ
વૈભવભાઈ હિંમતભાઈ બોરડ
પુષ્પકભાઈ હિંમતભાઈ બોરડ
અંકિતભાઈ અશોકભાઈ બોરડ

કેયુર, હર્ષ, દક્ષ,
પુર્વાંશ, ઓમ, દેવ, નિધી
ધાર્વી, રુહી,
હર્ષિલ, દર્શ, ધૃવિત,
પુષ્ટિ, ધૃમિ, કર્મ
તપન, તનય

દિવ્યેશકુમાર અરજણભાઈ વઘાસિયા — સોનલબેન દિવ્યેશકુમાર વઘાસિયા
ઘનશ્યામકુમાર બાલુભાઈ કસવાળા — હેતલબેન ઘનશ્યામકુમાર કસવાળા
સુનિલકુમાર રમેશભાઈ વાડદોરિયા — કાજલબેન સુનિલકુમાર વાડદોરિયા

॥ મોસાળ ॥
મનુભાઈ ભગવાનભાઈ ઠુમ્મર
(નાના)
અમિતભાઈ મનુભાઈ ઠુમ્મર
(મામા)

સમસ્ત બોરડ પરિવારના જય શ્રી કૃષ્ણ.